# અધ્યાત્મ

વર્ષ : ૬ અંક : ૭ એપ્રિલ-૧૯૮૫



પરમ તપસ્વીની પ. પૂ. માજી સર્વેશ્વરી

## પ.પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

અંબાજી ખાતે પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહના બાંધકામનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. ને ધાબાનો સ્લેબ એક ભાગનો ભરવામાં આવ્યો છે. (ફોટો અન્યત્ર છાપવામાં આવેલ છે.)

વિશ્રામગૃહને છેલ્લે જે સહાય મળી છે, તેની વિગત નીચે પ્રમાણે છે.

| રૂ. | |
|---|---|
| ૨૦,૦૦૦ | શ્રી શાન્તિલાલ કાલીદાસ પટેલ, ડરબન તરફથી |
| ૩,૨૫૦ | શ્રી રમેશભાઈ જગુભાઇ પટેલ, સુરત |
| ૫૦૧ | શ્રી છોટુભાઇ કરસનભાઇ પટેલ, અડાજણ |
| ૫૦૧ | ગં. સ્વ. કમળાબેન નારાયણદાસ ત્રિવેદી, મુંબઈ |
| ૫૦૦ | શ્રી મણીબેન રમણભાઇ ભક્ત, અમેરિકા |
| ૫૦૧ | શ્રી ભાવેશ ઘનશ્યામભાઇ દેસાઇ, ભાવનગર. પ્રથમ પગારના |
| ૧૦૦૧ | શ્રી પરસોત્તમભાઇ મોહનદાસ પટેલ, શેરથા. |
| ૫૦૦ | એક વૈષ્ણવબેન, મુંબઈ |
| ૫૦૧ | શ્રી જગદીપ રમેશભાઈ ભક્ત, અમેરિકા. |
| ૫૦૧ | શ્રી મગનભાઈ સોમાભાઇ પટેલ, અઠવા. |
| ૫૦૧ | શ્રી અંબાબેન મગનભાઇ પટેલ, અઠવા સુરત. |
| ૨૫૦ | શ્રી દિવાળીબેન ડાહ્યાભાઈ ભક્ત, દીગસ. |
| ૨૫૧ | શ્રી ચીમનભાઇ ઠાકોરભાઇ મહેતા, સુરત. |
| ૨૭૫ | શ્રી બીરેન દોલતભાઇ નાયક, પ્રથમ સ્ટાઈપેન્ડના. |
| ૨૦૧ | શ્રીમતી કુન્દનબેન રાણા, વડોદરા. |
| ૨૫૧ | શ્રી પાર્વતીબેન ચંપકલાલ છાટબાર, અમદાવાદ. |
| ૧૫૧ | શ્રી પ્રભુદાસ ભાઈચંદભાઈ તન્ના, અમદાવાદ. |
| ૨૫૧ | શ્રી પી. આર. શાહ, ગાંધીનગર. |
| ૧૦૧ | શ્રી ગૌત્તમકુમાર બાબુલાલ ભટ્ટ, અમદાવાદ. |
| ૩૦૦ | એક ભક્તબેન તરફથી |
| ૧૦૦ | સ્વ. સરસ્વતીબેન આદિતરામ જાની, બ્રહ્મપુરી. |

॥ શ્રી યોગેશ્વરાય નમઃ ॥


## ફૂલ ગયું ફોરમ રહી ગઇ !



- સંસાર સાગરમાં જેમના માર્ગદર્શન, પ્રેમ, આત્મિયતા અને આશીર્વાદ વિના જીવનનૈયા સ્થિર ના રહી શકી હોત તેવા પૂ. ગુરુદેવ યોગેશ્વરજીની પ્રથમ પુણ્યતિથિએ અંતરની શ્રદ્ધાંજલી.
- જીવનમાં દીવાદાંડી બની જેમણે અજ્ઞાનનો અંધકાર દૂર કરી પ્રભુમય જીવન પ્રત્યે માર્ગદર્શન આપ્યું, આશીર્વાદ આપ્યા અને જીવન ઈશ્વરાભિમુખ બનાવ્યું તેવા પૂ. ગુરુદેવ યોગેશ્વરજીને તેમની પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક પ્રેમાંજલી.
- ચંદનથી પણ વધુ સુવાસિત, ચદ્રથી પણ વધુ શીતળ, સૂર્યથી પણ વધુ તેજસ્વી અને સાગરની ભવ્ય ભરતી કરતાં પણ વિશાળ જેમનું વ્યક્તિત્ત્વ છે તેવા પૂ. ગુરુદેવની પ્રથમ પુણ્યતિથિએ અંતરની પ્રેમાંજલી.
- જેમના જીવન, વ્યવહાર, અને કેવળ ઉપસ્થિતિ એજ જે અનેક માનોવોને ઈશ્વરપ્રત્યે જવાની જીજ્ઞાસા પેદા કરી છે, ભક્તિભાવ જગાડ્યો છે, જ્ઞાનપિપાસા પરિપૂર્ણ કરી છે છે તે સંત, કવિ, લેખક, ભક્ત અને સાક્ષર પૂ. ગુરુદેવને તેમની પ્રથમ પુણ્યતિથિએ અમારી હાર્દિક શ્રદ્ધાંજલી.

**સુરેશ, વિમળા, વિકાસ, સ્મૃતિ તથા**
**ટોરેન્ટો ધ્યાન કેન્દ્ર, કેનેડા**

સ્વર્ગારોહણ–પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ



પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ—અંબાજીના બાંધકામનું એક દૃશ્ય. કોન્ટ્રેક્ટર શ્રી કુંવરજીભાઈ ને અશોકભાઇ વચમાં ઊભેલા જણાય છે. તા. ૧૫/૪/૮૫ સુધીમાં ધાબ નું કામ પૂરું થઈ જશે.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૬ અંક : ૭ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ** અનુક્રમણિકા **


| | | |
|---|---|---|
| શાંતિપાઠની સદ્ભાવના | યોગેશ્વરજી | ૩ |
| પ્રભુ પ્રેરિત પૂ. માશ્રી સર્વેશ્વરીનું તપ | સર્વેશ્વરી પદરેણુ | ૬ |
| મંગલમય મૃત્યુ | જ્યોત્સ્ના ત્રિવેદી | ૧૦ |
| जानामि धर्मं | દારા જ. ભેસાણીઆ | ૧૨ |
| ગાગરમાં સાગર | બાલાભાઈ કાપડીઆ | ૧૫ |
| અમદાવાદના આંગણે એક દિનની ધ્યાન–સાધના શિબિર | નારાયણ હ. જાની | ૧૬ |
| અનોખો ધર્મલાભ | શ્રી બાબુભાઇ વોરા | ૨૧ |
| પાકાં રે પાનાં | અશ્વિનભાઈ પટેલ | ૨૩ |
| મુક્તમંજરી-૩ | રતિલાલ ભાવસાર | ૨૪ |
| પ. પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યના ત્રણ દિવસ | રંજના દેસાઇ | ૨૫ |
| આત્મા અને શરીર | ઈશ્વરભાઇ શાહ | ૩૨ |
| શ્રી રમણ મહર્ષિનાં સારવચનો | એક રમણ ભક્ત | ૪૦ |
| સાચુ જૈનત્વ | જે. વી. શાહ | ૪૩ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૪૬ |
| પૂજ્યશ્રી યોગેશ્વરજીનું પ્રગટ સાહિત્ય | — | ૫૩ |
| યોગનિદ્રા | મંગળભાઈ પંચાલ | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |
| આવો અવસર ફેર ન આવે | યોગેશ્વરજી | ૬૪ |





# અધ્યાત્મ

**બરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૬ એપ્રિલ-૧૯૮૫ અંક : ૭


## શાંતિપાઠની સદ્ભાવના

ઉપનિષદ્‌ના ઋષિઓએ શાંતિપાઠમાં સદ્ભાવનાને વહાવતાં જણાવ્યું છે કે અમારા કાનથી અમે પવિત્ર અને કલ્યાણકારક શબ્દોનું શ્રવણ કરીએ. અમારી આંખથી મંગલમય શુભનું દર્શન કરીએ. જે જીવન અમને ઈશ્વર તરફથી આપવામાં આવ્યું છે તે જીવનને સારીપેઠે પસાર કરીએ. અને અમારા શરીરને સુદઢ તથા નીરોગી બનાવીએ. અમારા આયુષ્યને પરમાત્માની પ્રસન્નતાને માટે વાપરીએ.

ભદ્રં કર્ણેભિઃ શ્રૃણુયામ દેવાઃ, ભદ્રં પશ્યેમાક્ષભિર્યજત્રાઃ,

સ્થિરૈરંગૈસ્તુષ્ટુવાન્ સસ્તનુભિર્વ્યશેમ દેવહિતં યદાયુઃ।

ઋષિઓની પ્રાર્થના તથા ભાવના કેટલી બધી સુંદર છે! પ્રેરક, પ્રાણવાન, અલૌકિક પણ કેટલી છે! અને એ છતાંપણ આદર્શ અને અનુકરણીય છે.

આપણે આંખથી અવલોકીએ છીએ એનો અર્થ એવો થોડો છે કે જે અવલોકવું જોઇએ એને જ અવલોકીએ છીએ? આપણે

આપણા દર્શનદ્વારા મંગલનું જ દર્શન કરીએ છીએ એવું નથી હોતું. જો મંગલનું દર્શન કરતા હોત તો સૌમાં રહેલા શુભનું અને મંગલથી મંગલ પરમમંગલ પરમાત્માનું દર્શન કરતા હોત. કોઇને મિત્ર અને કોઇને શત્રુ તરીકે, કોઈને પોતાના કે કોઈને પારકાતરીકે, ભેદભાવ, ભય, મોહ, તિરસ્કાર તથા ભયની નજરે ના જોતા હોત. સૌમાં રહેલી પરમાત્માની પરમદિવ્યતાનું દર્શન કરત ને ક્ષણભંગુર સ્થૂળ માળખાને જ મહત્ત્વનું ના માનતા હોત.

આપણી આજુબાજુના જગતમાં અલ્પ અથવા અધિક પ્રમાણમાં રહેલા શુભનું દર્શન કરીને બેસી રહેવાને બદલે એ શુભનું વાણી, કલમ અને અન્ય માધ્યમદ્વારા સંકીર્તન, કથન, પ્રસારણ કરીએ એપણ એટલું જ આવશ્યક છે. આપણી આજુબાજુના વાયુમંડળમાં આજે ભળતી, નબળી, અશુભ, અમંગલ વાતોનો પ્રસાર થઈ રહ્યો છે અને એમને એક અથવા બીજી રીતે અલ્પ અથવા અધિક માત્રામાં ઉત્તેજન અપાઈ રહ્યું છે, ત્યારે સારી મંગલમય કલ્યાણકર વાતોને વહેવડાવવી અને ઉત્તેજવી એપણ મોટી સેવા કરવા બરાબર છે.

શુભનું દર્શન, સંકીર્તન, શ્રવણ, શુભનું વિતરણ તથા વિસ્તરણ.

વાણીથી શુભ બોલીએ. કલ્યાણકારક કહીએ. અન્યને સુખ-શાંતિ ધરીને, આશ્વાસન આશા માર્ગદર્શન આપીને ઉપયોગી બનીએ. વાણીની વિરાટ શક્તિનો સમ્યક્ વિચારપૂર્વકનો વિનિયોગ કરીએ. ભુલેચૂકે પણ દુરુપયોગ ના કરીએ.

આપણે જે કાંઇ સાંભળીએ છીએ તેપણ સાંભળવા લાયક, લાભકારક સાંભળીએ છીએ એવું થોડું જ હોય છે? ના સાંભળવા-જેવા કેટલાય શબ્દોને, વિષયોને સાંભળીયે છીએ. આવશ્યકતા-



વગરનું સાંભળીએ છીએ. કોઈની નીંદા, અનુચિત ટીકા, કરીએ છીએ અને સાંભળીએ છીએ. એને બદલે શ્રવણેન્દ્રિયની સહાયથી બીજાના ગુણોને સાંભળીએ. શુભ અને હિતકર હોય તેને જ સાંભળીએ. સાંભળવાનો સ્વભાવ પાડીએ.

શરીરને નીરોગી કરીએ. શક્તિશાળી બનાવીએ. અન્યના સેવા-કર્મનું માધ્યમ કરીએ. પરમાત્માએ અર્પેલી જીવનરૂપી સંપત્તિનો સદુપયોગ કરીએ. એની દ્વારા દેવોના દેવ પરમાત્માને અનુભવીએ. પરમાત્માની વધારે ને વધારે અનુકંપાને પામી લઇએ. જે પરમાત્માનું છે તે પરમાત્માને માટે, પરમાત્માના જગતને માટેજ, વાપરીએ. સમસ્ત જીવનને, જીવનની સઘળી સંપત્તિને, એવી રીતે પરમાત્માના પરમપાવન સિંધુતરફ અનવરતરીતે અભિસરણ કરનારી સરિતા કરીએ.

તન પવિત્ર. મન પવિત્ર. વચન પવિત્ર. દર્શન પવિત્ર. ઇન્દ્રિયોની પ્રત્યેક પ્રવૃત્તિ પવિત્ર. અંતર પવિત્ર. સમસ્ત જીવન પવિત્ર. આદિ મધ્ય અને અંત બધુંજ પવિત્ર. સઘળું પરમ-પવિત્ર, સક્ષમ, શક્તિશાળી. વિભુનું વરીષ્ઠ વરદાન. અંતર્યામીનો આશીર્વાદ. ઋષિની ભાવના ને પ્રાર્થના કેટલી બધી ઉદાત્ત પવિત્ર પ્રાણવાન ને પ્રેરક છે? એ પ્રેરણાને ઝીલીએ, સર્વત્ર પ્રવાહિત કરીએ, જીવીએ તો? કેટલી બધી ને કેવી કલ્યાણકારિણી ક્રાંતિ થાય? નરકની નિશાની મટી જાય. સઘળે સ્વર્ગ થાય.

ડરબન,
૨૬–૧૧–૮૨, શુક્રવાર

યોગેશ્વરજી

# પ્રભુપ્રેરિત પૂ. માશ્રી સર્વેશ્વરીનું તપ

—સર્વેશ્વરી પદરેણુ

કોઇ પણ કાર્યમાં પ્રભુની સંમતિ હોય તો દેખીતાં અનેક વિઘ્નો કે પરિસ્થિતિની પ્રતિકુળતા અવરોધરૂપ બનતી નથી. એથી વિશેષ, બધીજ પ્રચલિત માન્યતાઓ પણ ખોટી પડતી દેખાય છે.

પરમ પૂ. માશ્રી સર્વેશ્વરીનું તપ પણ એક પ્રભુસંમત કાર્ય લાગે છે. એ તપને કોઇ રીતે બુદ્ધિથી સમજી શકાય એમ નથી.

આપણે માનીએ છીએ કે ખોરાક અને પાણી માણસની અનિવાર્ય જરૂરિયાતો છે. ખોરાક વગર થોડા દિવસ ચાલે, પરંતુ પાણી વગર માણસ કેટલા દિવસ ટકી શકે ? અને તે પણ પોતાનો રોજીંદો સાધનાત્મક કાર્યક્રમ ચાલુ રાખીને, પાસે આવતા સાધકોને પોતાનું સાન્નિધ્ય આપીને કે સત્સંગની પ્રવૃત્તિ-પારાયણો ચાલુ રાખીને !

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના ઉપવાસો **એક વર્ષનો વિક્રમ આંક** વટાવી ગયા છે, અને હજી તે ચાલુ છે. માર્ચની પહેલી તારીખથી તો આખો મહિનો પૂ. મા કેવળ પાણી ઉપરજ છે. તેઓ દિવસમાં એકવાર ને તે પણ મર્યાદિત પ્રમાણમાં પાણી લે છે. આમ છતાં પ્રભુ એમનામાં શક્તિ કેવી રીતે પૂરે છે, તે સમજાતું નથી. બુદ્ધિથી પર એ વાત લાગે છે, તર્કની ત્યાં પહોંચ નથી. શારીરિક વિજ્ઞાન કે બીજાં ભૌતિક માપદંડો તેનો તાગ પામી શકે તેમ નથી. એ તપ તોજ સમજાય, જો તમારામાં શ્રદ્ધા હોય, ભક્તિ



હોય, ભાવ હોય અને મહત્ત્વની વાત—પ્રભુની કે કોઈ સંતની કૃપા હોય. પૂ. મા કહે છે : મને ખાવાની તો કોઈ ઇચ્છાજ થતી નથી, પરંતુ પાણીની રૂચિ કે ઇચ્છાય અંદરથી પેદા થતી નથી. એટલે પાણી વગર પણ ચાલે છે. પ્રભુ ચલાવે છે. એથી મારૂં તપ પ્રભુની ઇચ્છા પ્રમાણે થાય છે એમ સમજુ છું.

પૂ. માએ ફેબ્રુ-૮૫માં એક સરખા પાંચ દિવસ-૧૨૦ કલાક-પાણીનું ટીપું પણ લીધા વિના કાઢ્યા. વળી તે સમય દરમ્યાન જે ભક્તો કે સાધકો અંબાજી આવતા તેમની સાથે પૂ. મા સત્સંગ કરતાં. કદી શિવમહિમ્ન કે વિષ્ણુસહસ્રનો સમૂહ પાઠ કરતાં, ને વળી જ્યોતિર્મયી વિશ્રામગૃહ કે કૈલાસ ટેકરીની મુલાકાતો પણ લેતાં. પથારીવશતા, શારીરિક શિથિલતા કે નિર્બળતાનું નામ સુદ્ધાં દેખાય નહિ. એટલુંજ નહિ પણ પૂ. મા ફેબ્રુઆરિમાં અંબાજીના ગબ્બરનો ડુંગર ત્રણવાર ચઢી આવ્યાં. તે સંબંધે વાત નીકળતાં પૂ. માએ કહ્યું : પહેલી વાર ૩૩ પગથિયાં દોડીને ચઢી, તો બીજીવાર ૬૬ પગથિયાં અને ત્રીજી વખત તો ૯૯ પગથિયાં એક સાથે એકશ્વાસે ચઢી ગઇ ! પ્રભુને જ ચઢવાનું હતું એટલે એજ શક્તિ આપે. નહિ તો તંદુરસ્તમાં તંદુરસ્ત યુવાન માણસ પણ એકવાર ચઢતાં હાંફી જાય એવો ગબ્બર પૂ. મા ૩૩૦ દિવસના ઉપવાસો પછી ત્રણ ત્રણવાર ચઢ્યાં ! કેવું કહેવાય ! વાંચકોજ વિચારે કે આ શું બુદ્ધિથી સમજાય એવું છે !

એટલે પૂ. મામાં પ્રભુની પરમશક્તિ કાર્યાન્વિત બની છે, એની પ્રતીતિ નાસ્તિકમાં નાસ્તિક માણસને પણ જરૂર થયા વગર રહેશે નહિ.

પૂ.માનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. તેઓ પોતાનો સાધનાત્મક સમય બાદ કરતાં, સાધકોને પોતાનું પ્રેમાળ, પવિત્ર અને લાગણીસભર સાન્નિધ્ય આપે છે. એમને સત્સંગોમાં પ્રેરે છે ને જીવનમાં સત્કર્મ કે સત્સંગપ્રેમી શી રીતે થવાય એના પાઠો, પોતાના આચરણ દ્વારા શીખવે છે.

પૂ. માના સાન્નિધ્યમાં સંસાર સાવ ભૂલાઈ જાય છે. કેવળ યાદ રહે છે સત્સંગ ને સત્કર્મ. વળી તે સિવાયના સમયમાં પૂ.માનું પરમ પ્રફુલ્લિત ને વિનોદભર્યું સાન્નિધ્ય માણવા મળે છે. આથી જે જે સાધકો તેઓના મંગલકારી સંસર્ગમાં આવે છે, તેઓના મન ઉપર પૂ. માની સુંદર વાત્સલ્યમયી છબી સદા માટે અંકિત થઇ જાય છે. એ સાધકો પૂ.માથી ભલે પછી દૂર હોય, છતાં પૂ. માની સ્મૃતિનું માનસિક અનુસંધાન અનુભવે છે. એ એમના આત્મિક ઉત્થાનનું પ્રેરકબળ બની રહે છે. આ ભલે સપાટી ઉપર તુરત દેખાતું ન હોય, પરંતુ આંતરિક રીતે તે પોતાનું કામ કરે છે ને વખત જતાં સાધકને તેની પ્રતીતિ કરાવે છે. આ રીતે પૂ.મા પોતાની સાધના સાથે અનેકોના આત્મિક કલ્યાણનું કામ પણ સહજ રીતે કરતાં જાય છે; છતાં તેઓના મન ઉપર આવી પ્રવૃત્તિની કોઈ અસર જણાતી નથી. આ બધું તેઓ સહજ રીતે કરતાં રહે છે.

પૂ.મા તા. ૨૨માર્ચથી કપુરા છે. તેઓ પોતાનાં દિવંગત પૂ.માતાજીની સંવત્સરીના અનુસંધાનમાં નવ દિવસનું પ. પૂ.શ્રી યોગેશ્વરજી રચિત રામચરિત માનસનું પરાયણ કરે છે. રોજ છ કલાક ગાવાનું. ગામના ભાઈબહેનો તેમાં ખૂબ ઉત્સાહપૂર્વક જોડાયાં છે. એક બાજુ કેવળ પાણી ઉપરના ઉપવાસો ચાલે છે ને બીજી બાજુ રોજનું છ છ કલાકનું



રામાયણનું ગાન. કેટલી બધી શક્તિ માંગી લે એવું એ કામ છે. છતાં પૂ. મા તે ઉત્સાહપૂર્વક પ્રેમથી કરે છે.

કહો તો. પૂ.માનું આ તપ પ્રભુની કૃપા સિવાય આપણાથી સમજાય એવું છે ખરું!

આપણે તો "એ માને"જ પ્રાર્થના કરીએ. પ્રભુને અને પ્રભુના ભક્તો કે સંતોને ઓળખવાની ને પ્રભુપંથે આગળ વધવાની હે મા, તમે અમનેય શક્તિ આપો.

પૂ. માનો જય હો. પ. પૂ. ગુરૂદેવનો જય હો.

સાદા માણસોને પ્રભુ ચાહતો ન હોત તો; આટલા મોટા પ્રમાણમાં એમને સર્જ્યા જ ન હોત ને !

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨

# મંગલમય મૃત્યુ

જ્યોત્સ્ના ત્રિવેદી.

૧૮ મી માર્ચ ૧૯૮૫.

બરાબર આજથી એક વર્ષ પહેલાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી આજ દિવસે મુંબઈમાં કાંદીવલીના લક્ષ્મીનારાયણ મંદિરમાં ભાગવતનું રહસ્ય સમજાવતાં લીલા સંવરણ કરી ગયા. કલ્પનામાં ન ઉતરે તેવી વાત હતી. છતાં એ વાસ્તવિકતાને સ્વીકારવી પડી.

એ મહાપુરુષે પોતાના પાર્થિવ તનુના પરિત્યાગ માટે કેવો સમય, સ્થળ, ને વિષય પસંદ કર્યો ? ધૂળેટીના આનંદ ઉત્સવનો મંગલદિન, અમૃતસિદ્ધિ યોગ, લક્ષ્મીનારાયણનું પવિત્ર મંદિર અને ભાગવતની અમૃતવાણીનો મુખમાં મંગલ પવિત્ર ઉપદેશ. કેવું અદ્‌ભુત મંગલમય એ મૃત્યુ ! શરીરના પરિત્યાગ માટેનું કોઇ ચિહ્ન-વાણી કે વ્યવહારમાં નહિ, છતાં સાપ કાંચળી ઉતારે તેમ, સંસારના કોઈ વિષય કે વ્યક્તિમાં સહેજ પણ આસકિત વિના એ મહાપુરુષે શરીરનો પરિત્યાગ કર્યો. તે સમયે એમના મુખ ઉપર કે વાણીમાં વ્યાધિ કે વ્યથાનો સહેજ પણ અણસાર સુદ્ધાં શ્રોતાઓને સાંપડયો નહિ. જીવનમાં એ કહેતા કે મને એક ઈશ્વર કે મા જગદંબા સિવાય કશામાં આસકિત કે રસ નથી. એટલે જેવું કહેતા એવું આચરી બતાવ્યું. “મને મૃત્યુનો જરાય ભય નથી. હું હરક્ષણે તૈયારજ છું.” એમની એ નિર્ભીકતા અને તૈયારીનો પરિચય પણ અંતિમ ક્ષણે એ કરાવી ગયા.

માનવ દેહધારીને મૃત્યુ તો આવવાનું જ છે કોઇકને મોડું કે કોઇકને વહેલું. કોઇકને ઘરમાં તો કોકને રણમાં. કોઇકને ખાતાંપીતાં કે કોકને હરતાં ફરતાં તો વળી કોઇને લખતાં વાંચતાં કે તો કોઇને વાતચીત કરતાં. આ બધામાં પ્રભુના ગુણાનુવાદ સાથેનું, પ્રભુના પવિત્રધામમાં મૃત્યુ એ તો કોક વિરલ પરમ બડભાગીને જ પ્રાપ્ત થાય.



પૂ. શ્રીને એવું વિરલ ભાગ્ય મળ્યું. એનું પણ એક કારણ છે.

પૂ. શ્રીનું સમગ્ર જીવન એટલે પ્રભુમય જીવન. જીવનધારણનો હેતુ પ્રભુ સિવાય અન્ય કોઈ નહિ. પ્રભુનું કામ કરવા માટેજ જાણે આવ્યા, એને માટેજ જીવ્યા અને જતાં જતાં પણ એના મહિમાનું ગાન કરતાં કરતાં ગયા !

શાસ્ત્રો કહે છે અન્તે મતિ સા ગતિ. જીવનની છેલ્લી ક્ષણે જેવી બુદ્ધિ, ભાવના, એવીજ ગતિ માણસને પ્રાપ્ત થાય. પરંતુ પ્રભુનું સ્મરણ અંતસમયે બધાંને થોડું યાદ આવે ? એ સહેલું નથી. એ માટે તો જીવન પ્રભુમય બનાવવું પડે. શ્વાસેશ્વાસે પ્રભુના નામનું રટણ કે સ્મરણ રહેવું જોઇએ. તોજ એ માણસનો સ્વભાવ બને અને જે સ્વભાવ બને તેજ સહજ રીતે અંતિમ ક્ષણે પણ યાદ આવે. આ એક અતૂટ નિયમ છે. એનું જીવનમાં પૂશ્રીએ પ્રત્યક્ષ આચરણ કરી બતાવ્યું કે જુઓ, માત્ર આમ પ્રભુમય જીવાય એટલું જ નહિ, પણ પ્રભુમય થઇને આમ મરી પણ શકાય.

આપણને જીવન અને મરણ–મંગલમય બનાવવાનો ઉપદેશ–પોતાના આચરણથી પૂ. શ્રી બતાવી ગયા.

# जानामि धर्मं

— દ્વારા જ. ભેસાણીઆ (કાયાવરોહણ)

મહાભારતકારે દુર્યોધનના મુખમાં સુંદર શબ્દો મૂક્યા છે–

जानामि धर्मं न च मे प्रवृत्तिः
जानामि अधर्मं न च मे निवृत्तिः ।

અર્થાત્ ધર્મ જાણું છું છતાં તે આચરી નથી શકતો અને અધર્મ જાણું છું છતાં તેને છોડી નથી શકતો.

આ માત્ર દુર્યોધનની જ વ્યથા નથી, મોટા ભાગની વ્યક્તિઓની મુંઝવણ છે. મનુષ્ય-ધર્મ અને અધર્મ શું છે તે યથાર્થ રૂપે જાણે છે, તથાપિ તે ધર્માચરણ નથી કરી શકતો. કારણકે ધર્માચરણ સહેલું નથી. તેમાં ત્યાગ અને તપની આવશ્યકતા છે. ભોગવિલાસમાં ડુબેલો જીવ તપ અને ત્યાગ માટે તૈયાર નથી. મનુષ્ય અધર્મનું આચરણ તેને તે ગમે છે અથવા તે ધર્મને જાણતો નથી એટલા માટે કરે છે એવું નથી, પરંતુ ધર્માચરણ કઠિન છે, તેમાં દુઃખ ભોગવવું પડે છે. જ્યારે અધર્માચરણ સહેલું લાગે છે, તેમાં મનુષ્યને સુખની પ્રતીતિ થાય છે. જો કે અધર્માચરણથી પ્રાપ્ત થયેલું સુખ ઝાંઝવાના નીર જેવું છે. તે વાસ્તવિક સુખ નથી. અધર્માચરણથી અંતે તો દુઃખ જ થાય છે. દુર્યોધન અને અને રાવણનું ઉદાહરણ મોજુદ છે.

હકીકતમાં દુર્યોધન અને રાવણ આપણી અંદર જ બેઠા છે. જ્યારે તક મળે છે ત્યારે તે ઊભા થઇ જાય છે અને અધર્માચરણ કરવા માંડે છે. જ્યારે રામ કે કૃષ્ણ રૂપી કોઇ મહાત્મા આપણને ભેટી જાય છે ત્યારે આ દુર્યોધન-રાવણ ઢીલા પડે છે.



આપણાં શાસ્ત્રો કહે છે કે धर्मो रक्षति रक्षितः । અર્થાત્ ધર્મના પરિશીલનથી સમુન્નત બનાય છે. ધર્મના પાલનથી સજ્જનતા આવે છે અને દુર્જનતા દૂર થાય છે. સજ્જન જ્યાં જાય છે ત્યાં સુવાસ અને દુર્જન જ્યાં જાય છે ત્યાં દુર્ગંધ ફેલાવે છે. સજ્જન સુકર્મોનો અને દુર્જન કુકર્મોનો ચાહક છે. સજ્જનને બધા સજ્જન અને દુર્જનને બધા દુર્જન દેખાય છે.

એકવાર ભગવાન શ્રીકૃષ્ણએ દુર્યોધનને કહ્યું કે નગરમાંથી એક સજ્જનને શોધી લાવ. દુર્યોધન આખુ નગર રખડ્યો પરંતુ તેને કોઇ સજ્જન જણાયો નહીં. એટલે તે ખાલી હાથે પાછો ફર્યો. પછી ભગવાને યુધિષ્ઠિરને નગરમાંથી કોઇ દુર્જન શોધી લાવવા જણાવ્યું. યુધિષ્ઠિર આખા નગરમાં ફરે છે પરંતુ તેમને કોઇ દુર્જન જણાતું નથી. ઉક્તિ સાર્થક છે કે "જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ."

ધર્મનું પાલન અને અધર્મનો ત્યાગ થતો નથી તેનું એક કારણ છે–મનોબળનો અભાવ. જો માનવીમાં પ્રચંડ મનોબળ હોય તો તે ગમે તેવી હીણ વૃત્તિઓથી ઉપર ઉઠી શકે છે. ગાંધીજીનું ઉદાહરણ આપણે જાણીએ છીએ. દૃઢ મનોબળને કારણે મોહનમાંથી મહાત્માનું સર્જન થયું હતું. સ્વામી વિવેકાનંદે દૃઢ મનોબળને પરિણામે અમેરિકામાં વિપરિત પરિસ્થિતિ જીતી હતી.

તો મનોબળ કેળવવા શું કરવું? આમ તો મનોબળ કુદરતી બક્ષીસ છે. મોટેભાગે તે જન્મગત જ હોય છે. છતાં

કાંઈક અંશે મનોબળને અન્ય સાધનો દ્વારા વધારી શકાય. આ માટે પ્રથમ વિધેયાત્મક વિચાર (Positive thinking) ખૂબ જરૂરી છે. સતત વિધેયાત્મક વિચારો કરવાથી તે અજ્ઞાત મનમાં ઉતરી જાય છે. પરિણામે વિચાર જેવા આચાર થવા માંડે છે. મનોબળ કેળવવા પ્રેરણાદાયક ગ્રંથોનું વાંચન ખૂબ જરૂરી છે. ખાસ કરીને મહાપુરુષોના જીવન-ચરિત્રો વાંચવા જોઈએ. જો ઈશ્વરતત્ત્વમાં શ્રદ્ધા હોય તો નિયમિત ઈશ્વરની પ્રાર્થના કરવી જોઈએ. પ્રાર્થના એ મનને કેળવવાની કે મનને સૂચનો (suggestions) આપવાની વિધિ છે. આ ઉપરાંત મનોબળ કેળવવા માટે યોગાભ્યાસ ખૂબ ઉપયોગી છે. ખાસ કરીને પ્રાણાયામનો નિયમિત અભ્યાસ કરવો જોઈએ. પ્રાણ અને મનને ગહેરો સંબંધ છે. એકની સ્થિરતાથી બીજુ સ્થિર બને છે. એકના લયથી બીજાનો લય થાય છે. આજના પાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકો પણ ભારતીય યોગ, પ્રાર્થના, શાસ્ત્રીય સંગીત વગેરેને માનસિક તનાવ દૂર કરવાનાં શ્રેષ્ઠ સાધનો ગણે છે. જે વાતાવરણમાં મન દુષિત બનતું હોય તેનો ત્વરિત ત્યાગ કરવો જોઈએ. આ રીતના ઉપાયો સતત રીતે જાગ્રત રહીને કરવાથી મનોબળ દૃઢ બનશે.

જેનું મનોબળ દૃઢ છે અને જે ધર્મને જાણે છે તેણે એવું નહીં કહેવું પડે કે—जानामि धर्मं न च मे प्रवृत्तिः।



# ગાગરમાં સાગર

૧. જીસને રાગદ્વેષ કામાદિક જીતે, સબ જગ જીત લિયા.
૨. વહી પ્રશુપ્રવૃત્તિ હૈ, જો આપહી આપ હી ચરે.
૩. જીના હૈ ઉસકા ભલા, જો દુનિયા કે લિયે જીએ.
૪. અપને હિ હાથો સ્વઘરમેં, શુભકી આગ લગાતા.
૫. તેરા હૈ સો તેરી પાએ, અવર સબ અનેરા.
૬. નહિ જાણ્યો નિજરુપ કો, સબ જાણ્યો સો ફોક.
૭. મરો તો ઈસ તરહ કે, તુમ્હારા કુછ નહિ હૈ.
૮. મરના હૈ તો એસા મરનાં, ફિર જન્મ લેના ન પડે.
૯. અંતરવૃત્તિ ધ્યાનથી, પરમાતમ પ્રકટાય.
૧૦. દૈવી સંપત્તિ હિ જિસકા-ધન, વે મહાપુરુષ કહલાતે હૈ.
૧૧. પરમાતમ કુ ધ્યાવતે એહ પરમાતમ હોય.
૧૨. મિલા હૈ જીંદગી તો કરલે ખુદાકી બંદગી.
૧૩. સાધના સાવધાનીમાં, પતન પ્રમાદની પળોમાં.
૧૪. જે નિજગુણમાં ગુલતાન, તે દેહ છતાં ભગવાન.
૧૫. વહ દુસ્તર ભવ જલ ધારા, બીન ભજન ન હો નિસ્તારા.
૧૬. વિષયે લગી પ્રીતડી, તબહરિ અંતર નાહિં.
૧૭. જીસને મન મેલા કિયા, ઉસકે વ્યાકુલ પ્રાણ.
૧૮. તીન બાત બન્ધન ખુલે, શીલ-સમાધિ-જ્ઞાન.
૧૯. માયા મનમાં રહ ગઈ, ફિર સાધુ હુઆ તો કયા હુઆ ?
૨૦. ધોખા દેતા દુસરો કો, આપહી ધોખા ખાયેગા.
૨૧. રાગત્યાગી પહૂંચું નિજ ધામ,
આકુલતા કા ફિર કયા કામ

સંકલનકર્તા—બાલાભાઈ વાડીલાલ કાપડીઆ. બી.એ. બી.ટી.

# અમદાવાદના આંગણે એક દિનની ધ્યાન–સાધના શિબિર

નારાયણ હ. જાની

"પ. પૂ. શ્રી યોગેશ્વરજી ભૌતિક સ્વરૂપે આજે આપણી વચ્ચે નથી. તેમ છતાં તમો સહુ દૂરદૂરથી અમારા આમંત્રણને માન આપી અત્રે આવ્યા છો, તે તમો સહુનો પૂ.શ્રી પ્રત્યેનો પૂજ્યભાવ અને અમારા પ્રત્યેની લાગણી દર્શાવે છે."

"સ્થૂલ સ્વરૂપે પૂ.શ્રી ભલે આપણી સાથે આજે ન હોય પરંતુ સૂક્ષ્મ સ્વરૂપે તેઓ છેજ, એની પ્રતીતિ અમોને જોઇને, કોઇને પણ થશે. છેલ્લા એક વરસથી અન્નનો એક દાણો પણ આ શરીરમાં ગયો નથી, છતાં તે ચાલે છે, તેજ બતાવે છે કે પૂ.શ્રી છેજ."

"આજના આ પવિત્ર દિવસે અહીં આવનાર સહુ કોઇ, કંઇ ને કંઇ નિયમ લે. જેઓ નિયમિત ભગવદ્ સ્મરણ ન ન કરતા હોય તે નિયમિત કરવાનો સંકલ્પ કરે અને જે થોડું કરતા હોય તે વધુ કરવાનો નિશ્ચય કરે. આત્માના માર્ગે આગળ વધવા માટે નામજપ, વ્રત, ધ્યાન ને સદ્‌ગ્રંથોનું વાંચન તથા નિદિધ્યાસન મહત્ત્વનાં છે સત્કર્મ અને સત્સંગ મનુષ્યજીવનમાં મહત્ત્વની પ્રવૃત્તિઓ છે. તેમજ જીવનમાં જે કંઇ દોષો, વ્યસનો કે બુરાઇઓ હોય, તેમને કાઢવા માટે પણ આજના દિને સંકલ્પ કરી શકાય."

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ તા. ૧૮–૩–૮૫ના રોજ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની પ્રથમ લીલા સંવરણ પુણ્યતિથિએ, એક દિવસની ધ્યાન સાધના શિબિરના શિબિ-



રાર્થીઓને સંબોધન કરતાં આ પ્રમાણે જણાવ્યું હતું. આ શિબિર અમદાવાદ ખાતે શ્રી મધુરીબેન શાહ સાંસ્કૃતિક ભુવનમાં, મહાત્મા શ્રીયોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાઇ હતી.

આ દિવસે અમદાવાદમાં હડતાલ જાહેર થઇ હતી. બહારગામથી આવતા કેટલાક સાધકો આગલા દિવસે રાતે આવ્યા હતા. તો બીજા કેટલાક બીજા દિવસે વહેલી સવારે આવ્યા. ક્યાંક ક્યાંક રીક્ષાઓ ચાલતી હતી. બાકી બીજો વાહનવ્યવહાર સદંતર બંધ હતો. પરંતુ બહારગામથી આવતા બધાજ સાધકો સુખરૂપ, તકલીફ વગર, કાર્યક્રમના સ્થળે સમયસર પહોંચી શક્યા. પ્રભુએજ બધાંને અનુકૂળતા કરી આપી.

કાર્યક્રમનો પ્રારંભ પૂ. શ્રીની સ્તુતિ–યોગેશ્વર બાવની તેમજ જયશ્રીબેન વોરાના ભજનથી કરવામાં આવ્યો. વડોદરાના અંધ ગાયક શ્રી બંસીભાઇએ સ્વામી બ્રહ્માનંદજીનું, પૂ. શ્રીને પ્રિય એવું સુંદર ભજન ગાયું, જેની અસર સમગ્ર વાતાવરણ ઉપર છવાઇ ગઈ.

પૂ. માશ્રી સર્વેશ્વરીની સૂચના પ્રમાણે શિબિરનું ઉદ્‌ઘાટન પ. પૂ. શ્રીના સહાધ્યાયી શ્રી વિષુભાઈ જાનીએ મંગલ દીપ પ્રકટાવીને કર્યું હતું.

ધ્યાન સાધના શિબિરમાં, ધ્યાન અને સત્સંગનેજ પ્રાધાન્ય હોય. એ રીતે પ્રથમ એક કલાકના સમૂહ ધ્યાનના કાર્યક્રમનું સંચાલન અમદાવાદના મુખ્ય કાર્યકર્તા શ્રી બાબુભાઇ વોરાએ સરસ રીતે કર્યું. તે પછી યોગનિદ્રાનો એક કલાકનો કાર્યક્રમ હતો. અમદાવાદનાં કેટલાંક ધ્યાનકેન્દ્રોના સંચાલક શ્રી મંગળભાઇ પંચાલે, ખૂબ વિગતે યોગનિદ્રાની

આવશ્યક્તા તેમજ, સાધનાત્મક જીવનમાં તેની ઉપયોગિતા સમજાવી. તે પછી વીસ મિનિટ સુધી યોગનિદ્રાના પ્રત્યક્ષ નિદર્શન (Demonstration) અંગેની સહુ સાધકોને સૂચનાઓ આપી. એમાં મનને સંકલ્પ રહિત કરીને, તથા સર્વ અંગોને શિથિલ કરીને, પોતાની ચેતનાને સભાનતા-પૂર્વક શરીરના વિવિધ અંગો સાથે જોડવાથી, દરેક અંગને તાજગી તથા સ્ફુર્તિ પ્રાપ્ત થાય છે. તેમજ યોગનિદ્રાને પરિણામે મનનો ભારે વિકાસ થાય છે અને શક્તિઓનો નિર્બંધ સ્રોત (Expansion of mind and liberation of energy) વહેવા માંડે છે. યોગનિદ્રા એ પાતંજલયોગ દર્શનમાં દર્શાવેલ-પ્રત્યાહારની ક્રિયા શીખવે છે.

શ્રી મંગલભાઇ પંચાલની યોગનિદ્રા પુસ્તિકાનું વિમોચન પૂ.માશ્રી સર્વેશ્વરીએ કર્યું.

તે પછી પ્રાસંગિક વાર્તાલાપમાં શ્રી બાબુભાઇ વોરાએ પૂ. શ્રીની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો તથા ટોરેન્ટો ધ્યાન કેન્દ્રના શ્રી સુરેશભાઈ પરીખે કેવી રીતે પૂ. શ્રી તેમજ પૂ. માએ પોતાના જીવનમાં પ્રેરણાઓ પૂરી પાડી છે તે જણાવ્યું હતું. આ પ્રસંગે કેનેડાથી શ્રી સુરેશભાઇ શાહે સુંદર સંદેશો પાઠવ્યો હતો, જે પૂ. માએ સાધકો સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. તે ઉપરાંત તા. ૧૭-૩-૮૫ના રોજ ટોરેન્ટો ધ્યાન કેન્દ્રના ભાઇઓએ પૂ. શ્રીની તિથિ ત્રણ કલાકના સત્સંગના કાર્યક્રમથી ઉજવી હતી; તે હકીકત પણ જણાવી હતી.

પૂ. માએ શ્રી બાબુભાઇ વોરાને સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના આધારસ્થંભસમા નિઃસ્વાર્થ સેવાભાવી તરીકે બીરદાવ્યા હતા, જ્યારે શ્રી સુરેશભાઇ પરીખને શ્રદ્ધા-ભક્તિના આદર્શ જીવંત નમૂના સમા ગણાવ્યા હતા.



ગુરુતત્ત્વ ઉપર પૂ. શ્રીએ અમેરિકાના ક્લોવીસ શહેરમાં ત્રણ દિવસ પ્રવચન આપ્યું હતું, તેમાંથી આજે સાધકોને સંભળાવવામાં આવ્યું હતું, જેનો કેટલોક સાર ભાગ આ પ્રમાણે હતો.

સાધકના સાધનાત્મક માર્ગમાં ઉઠતી ભ્રાન્તિઓની શાન્તિ ગુરુ વિના બીજા કોણ કરાવે ?

સાધકના આત્મિક વિકાસમાં અંતરાયરૂપ બનતા અહંકાર-ની નિવૃત્તિ પણ ગુરુવિના કોઈ કરાવી શકતું નથી.

સાંસારિક અને ભૌતિક વિદ્યાઓ શીખવા માટે પણ જો ગુરુની જરૂર પડતી હોય, તો આત્મકલ્યાણના માર્ગે આગળ વધવા માટે સાક્ષાત્કારી મહાપુરુષ એવા ગુરુની આવશ્યક્તા અતિ મહત્ત્વની લેખવામાં આવે, તેમાં કંઈ નવાઇ નથી.

ફરી પોણા કલાકના ધ્યાન અને સમૂહકીર્તનના કાર્યક્રમ પછી, ભોજન માટેનો વિશ્રામ શ્રી જશભાઈ પટેલે જાહેર કર્યો હતો.

આજે સાધકોને પૂ. શ્રીને પ્રિય એવી ખીચડી, શાક તેમજ કઢીનું સાદુ ભોજન પીરસવામાં આવ્યું હતું. જેની બધી વ્યવસ્થા અમદાવાદના ટ્રસ્ટ તરફથી કરવામાં આવી હતી. કેનેડાના સાધક શ્રી સુરેશભાઇ પરીખે, બધાજ સાધકો-ને બદામનો પ્રસાદ પણ વહેંચ્યો હતો.

વિષ્ણુસહસ્રના પાઠ પછી પૂ. માએ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં પૂ. શ્રીએ આપણને શું નથી આપ્યું ? અધ્યાત્મ માસિકની અકલ્પ્ય એવી પ્રગતિ, વિશ્રામગૃહનું બાંધકામ અને અમારી વ્યક્તિગત સાધના-પ્રભુની કૃપાને લીધેજ શક્ય બની છે. એથી અમો તો પ્રભુપાસે એટલુંજ

માગીએ છીએ કે પ્રભુ શક્તિ આપો ને પાત્ર બનાવો. બાકી પૂ. શ્રીની ઇચ્છા પ્રમાણે એમની પ્રવૃત્તિઓ તો ચાલ્યાંજ કરશે. જે સાધક ભાઇબહેનો સાચા અંતરથી એમને યાદ કરશે, તેમને તેમની ઇચ્છા પ્રમાણે પૂ. શ્રી જરૂરથી સહાય પહોંચાડશે, એ વાતમાં શ્રદ્ધા રાખજો.

સાંજના વાર્તાલાપમાં શ્રી નારાયણભાઇ જાની, શ્રી હરિભાઈ ભોજાણી, શ્રી વિષુભાઇ જાની, શ્રી મધુભાઇ ભટ્ટ, અતુલ કોન્ટ્રેક્ટર શ્રી શાન્તિભાઇ કનેરિયા તેમજ શ્રી ચંપકભાઈ શાહ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

રાતનો સમૂહધૂનનો કાર્યક્રમ પણ શિબિરના સ્થાન ઉપર જ રાખવામાં આવ્યો હતો. તેમાં વડોદરાના શ્રી શ્યામભાઈ, મોરબીના શ્રી ગોરધનભાઈ કલોલા, વડોદરાના વિજય પુરોહિત વગેરેએ સુંદર ધૂનો બોલાવી હતી. ભાવનગરના શ્રી બાલુભાઈ જામ્બુચાએ તથા બીજાઓએ ભજનોની રસલહાણ પીરસી હતી.

શિબિરનો સમગ્ર કાર્યક્રમ સમયબદ્ધ રીતે ચાલ્યો હતો. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ શિબિરના બધા કાર્યક્રમોનું સંચાલન સુંદર રીતે કર્યું હતું.

આજની એક દિવસની શિબિરની એક યુવાન સાધક તરફથી વિડિયો ફિલ્મ પણ ઉતારવામાં આવી હતી, જેથી ગેરહાજર સાધકોને તેની ઝાંખી પ્રાપ્ત થઈ શકે.



[ ખેડબ્રહ્માના અંબાજી મંદિરમાં હોમાત્મક નવચંડીનો કાર્યક્રમ ]

# એક અનોખો ધર્મલાભ

**શ્રીબાબુભાઇ વોરા**

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીને દુર્ગાસપ્તસતી–ચંડીપાઠ ગમતો. કદીક મનમાં ઉદ્વેગ અનુભવતા સાધકને કે મૃતાત્માઓની શાંતિ માટે તેઓ નવચંડી કરાવવાનું સૂચન કરતા.

તેઓ ઘણીવાર અહીંના પવિત્ર નિઃસ્પૃહી સાધક શ્રી લાભુકાકા પાસે આવા ચંડીપાઠ કરાવતા.

આથી પ.પૂ. માશ્રી સર્વેશ્વરીને પણ એવી ભાવના થઈ કે આપણે પણ પૂ.શ્રીના લીલા સંવરણ પ્રસંગે હોમાત્મક નવચંડી પાઠ કરાવીએ. એમની આ પ્રકારની ભાવનાને ખેડબ્રહ્મા અંબા માતાના મેનેજર શ્રી ભાઇશંકરભાઇ ત્રિવેદીએ વધાવી લીધી. તેઓને ત્યાં મંદિરમાં રૂા. ૨૫૦૦/–નું દાન કરવાથી દર વર્ષે તેના વ્યાજમાંથી, કહેલા દિવસે, નવચંડી પાઠ કરવાની યોજના જણાવી. પૂ.માએ આ રકમ પોતા પાસેથી આપી દીધી. એટલુંજ નહિ પણ સાધક ભાઇ બહેનોને કહ્યું: "આ વર્ષે પણ તમે આવો તો આપણા ખર્ચે આપણે નવચંડી કરાવીએ."

આ માટે તા. ૧૯–૩–૮૫નો દિવસ નક્કી કરવામાં આવ્યો. શિબિર પછીનો બીજોજ દિવસ હતો. અમદાવાદમાં તોફાન હતા ને બસો નિયમિત રીતે ચાલતી ન હતી. આમ છતાં પૂ.માએ શિબિરાર્થીઓને કહ્યું : "ખેડાબ્રહ્મામાં નવચંડીનું આયોજન કર્યું છે. જે ભાઈ બહેનોને આ સત્કર્મમાં આવવું હોય તે આવી શકે છે.'

કલ્પી શકો છો કેટલાં ભાઈબહેનો આવવા તૈયાર થયાં? પૂરાં એકસોને પાંચ. માન્યામાં ન આવે એવી આ વાત હતી, છતાં તે

હકીકત બની. પૂ.માએ આ બધાંજ ભાઈ બહેનોના ઉતારાની ને ભોજનની વ્યવસ્થા તા. ૧૮મીએ સાંજે જ ખાસ માણુસ મોકલીને પોતાના ખર્ચે કરાવી.

બધાંજ ભાઈ બહેનો કશીજ તકલીફ વગર ખેડબ્રહ્મા સમયસર પહોંચી ગયાં.

શ્રી બાબુભાઈ વોરા, શ્રી નારાયણભાઇ જાની, શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ અને શ્રી શાન્તિભાઈ કનેરિયાને સપત્ની પૂજામાં બેસાડવાની કૃપા પૂ.માએ કરી.

આ ઉપરાંત જે સાધક ભાઇબહેનો ત્યાં આવ્યાં હતાં. તેમની પાસે ગુજરાતી કવિતામાં આવો ચંડીપાઠ કરાવ્યો. આમ કુલ ૧૦૯ ચંડીપાઠનું ગાન ત્યાં થયું. સુંદર આધ્યાત્મિક વાતાવરણ જામી ગયું.

શ્રી ભાઈશંકર, તેમનાં પત્ની તેમજ જીવીબેને બધાજ સાધક ભાઈબહેનો માટે સરસ વ્યવસ્થા કરી. આ ઉપરાંત મુખ્ય પુરોહિત શ્રી રતિભાઇ અને એમના બીજા સાથીઓએ સુંદર રીતે ખૂબ શાન્તિથી નવચંડીનું વિધિ પુરસ્સર યજન કરાવ્યું. સવારે ૯-૩૦ થી શરૂ થયેલો આ વિધિ સાંજે ૬-૩૦ વાગે પત્યો. પૂશ્રી સર્વેશ્વરીમા તેમજ મા જગદંબાની આરતી સર્વે સાધક ભાઇબહેનોએ સમૂહમાં ઉતારી ધન્યતા અનુભવી. પૂજા પછી બધા જ સાધકોને મિષ્ટાન્ન ભોજન પણ માએ પોતાના ખર્ચે કરાવ્યું. પણ પૂ.માએ તો તે દિવસે પાણી પણ લીધું ન હતું.

પૂ. માએ પોતાના પૈસા ખર્ચીને સાધકોને આવો વિરલ ધર્મલાભ આપ્યો. આવું કામ તો કોઈ અનોખી વાત્સલ્યમયી માજ કરી શકે.

---



## પાકાં રે પાનાં

પાકાં રે પાનાં અમે ઝાડનાં, ક્યારે ખરશું કહેવાય ?
કડવાં તૂંબડાં અમે વાડનાં, ક્યારે સુકશું કહેવાય ?
—પાકાં૦...

નાનેથી માંડી મોટાં થયાં, કેડે અકડ્યાં, ન નમાય !
રગરગ ભર્યા રે રોગ અંગમાં, હવે જરી ન ખમાય !
—પાકાં૦...

આંખો ચૂએ ને નાક નીતરે, પળિયાં થયા બધા કેશ;
એવું તો "ધબ, ધબ" થાય ભીતરે,
ભજવા ભજવાય ન વેશ !
—પાકાં૦....

દિવસ લાંબા ને લાંબી રાત્રિઓ, કેમ કર્યાં ન કપાય !
વૈદ હકીમ ડોકટર ખાત્રીઓ કશી આપે ? ન પમાય !
—પાકાં૦...

આવો રે આવો દીનાનાથજી, ડગલાં અમથી ન ભરાય;
ટેકણલાકડી ગુરુ, પ્રેમથી બનો ધામે લઈ જવાય.
—પાકાં૦...

(ડો. અશ્વિનભાઈ ડી. પટેલ)

## મુક્તમંજરી–૩

### નામસ્મરણ

કળિયુગનાં લક્ષણ કૂડાં, પણ એક મહિમા મહાન છે !
કેવળ 'स्मरण साधन' થકી, તુષમાન શ્રીભગવાન છે !
કાળભેદે કેટલું સહેલું સરળ વરદાન છે !
ત્રણ યુગનાં તપ–બળ સમી, શક્તિ વળી બળવાન છે !

*

### હૃદય-ભક્તિ

પ્રભુને ખાલી શબ્દોથી, ન કોઈ રીઝવી શકશે !
સમર્પણભાવથી સર્વે, 'ચરણ' પધરાવવું પડશે !
જીવનમાં શૂન્ય સૌ રીતે, ઉમળકે થઇ જવું પડશે !
જીવંત એવી હૃદય-ભક્તિ, પ્રભુને રીઝવી શકશે !

*

### ભક્તિભાવનાં આંસુ

જીવનની આન્તરિકતાનું પડે પ્રતિબિંબ આંસુમાં !
હૃદયનાં ભાવ–ભક્તિનો ખરો ઈતિહાસ આંસુમાં !
આંસુ બની વ્યાકુળતા પ્રભુ કાજ વહેતી હોય જ્યાં,
'આવ્યો રે !'—કહી દોડતાં પ્રભુ-ચરણનો સંચાર ત્યાં !

રતિલાલ ભાવસાર
'ગુલશને બહાર'



## પ. પૂ. મા સર્વેશ્વરીના સાન્નિધ્યના ત્રણ દિવસ

શ્રીમતી રંજના ઘનશ્યામ દેસાઇ

પૂજ્ય માનાં દર્શન કરવાની ખૂબ જ ઇચ્છા થઈ, અને તે માટે તેમને જ પ્રાર્થના કરતી રહી. “હે મા પ્રભુ, મને આપના દર્શન માટેની અનુકૂળતા કરી આપો, આપ કૃપા કરશો તો જ હું આપના દર્શને આવી શકીશ.” અને થોડા દિવસ પછી પ્રાર્થના ફળી. મારા પતિદેવે મને દર્શને જવા માટેની સહર્ષ રજા આપી, એટલે ખૂબ જ આનંદ થઈ ગયો અને શુક્રવાર તા. ૨૨–૨–૮૫નાં રોજ સવારે ૬–૩૦ની બસમાં ભાવનગરથી અમદાવાદ જવા નીકળી પડી.

અમદાવાદથી અંબાજીની બસમાં ખૂબજ ગીરદી હતી, પરંતુ તેમાં ચઢી ગઈ અને જ્યારે બસમાં બેઠી અને થેલી તપાસી ત્યારે ખબર પડી કે તેમાંથી પાકીટ ગાયબ થઈ ગયું હતું. હવે કરવું શું ! તેની વિમાસણમાં પડી ગઇ. પાછા તો જવું જ ન હતું, કારણકે ખૂબ જ મુશ્કેલીથી દર્શને નીકળી શકી હતી એટલે પૂજ્ય માના દર્શનનો લાભ તો લેવો જ હતો. વિચાર કરતી હતી ત્યાંજ બસ ઉપડી. આજુબાજુમાં બેઠેલાં સર્વેને ખબર તો હતી જ કે મારૂં પાકીટ ગૂમ થયું છે, તેથી મારી બાજુમાં બેઠેલાં એક યુવાન કોલેજીયને મારી અંબાજીની ટિકિટ કઢાવી આપી. મારે પણ તેનો સ્વીકાર કર્યા વગર છૂટકો જ નહોતો. મેં તેમનું સરનામું લઈ લીધું અને ટિકિટના પૈસા પછીથી મનીઓર્ડર મારફત મોકલી આપીશ, તેમ કહ્યું.

અમદાવાદથી અંબાજીના રસ્તે બસમાં બેઠા બેઠા ચિન્તા થતી હતી કે હવે હું ત્યાં જઇને શું કરીશ ? પૂજ્ય મા તો કોઈ પાસેથી કશું લેતાં નથી અને મારે મા પાસે રૂપિયા કેમ માંગવા ? ચિન્તા સાથે આંખમાંથી આંસુની ધારાઓ પણ વહેવાની શરૂ થઈ ગઈ. પૂજ્ય મા-પ્રભુના શબ્દો કે " પ્રભુ જે કરે તે સારા માટે " યાદ આવ્યા. જપ અને પ્રાર્થના કરતાં કરતાં અંબાજી પહોંચી ગઈ. મનમાં વિચાર કરી રાખ્યો કે જો કાંઇક વ્યવસ્થા થાય તો ઠીક, નહીંતર દર્શન કરીને બીજે જ દિવસે ભાવનગરની બસમાં પાછી જઈશ.

પંચાલ ગેસ્ટ હાઉસમાં પહોંચી ત્યારે ખબર પડી કે પૂજ્ય મા તો વિશ્રામગૃહમાં છે. પૂછતાં પૂછતાં ત્યાં પહોંચી અને પૂજ્ય મા જ્યાં બિરાજેલાં હતાં તે નાની કુટિયામાં મેં પ્રવેશ કર્યો. ત્યાં બીજાં ભક્ત બહેનો પણ હતાં. રામાયણનું પારાયણ ચાલતું હતું. તે પૂરૂં થયા બાદ માએ કહ્યું કે આજે વહેલું બંધ કર્યું. તમે આવવાનાં હશો એટલે જ. કાલે જ તમને યાદ કર્યાં હતાં. ખૂબ જ પ્રેમથી ખબર-અંતર પૂછ્યા એટલે મારાથી સહજ રીતે જ બધી વાત કહેવાઈ ગઈ. પૂજ્ય મા કહે: શું કામ ચિન્તા કરો છો ? હું બેઠી છું ને. તમે તમારે નિરાંતે આનંદથી રહેજો. મે કહ્યું-" મા અમારા પૈસા અનીતિના તો હતા નહીં તો પણ ગયા. પૂજ્ય મા કહે-" એવું નથી. પૂ. મહાત્માજીના પૈસા પણ કોઈ લઈ ગયું હતું અને મારા પણ એક-બે વખત ગયા છે. ચિન્તા ન કરો. દાનમાં આપ્યા છે તેમ સમજજો."

"પછી ક્યારે ભાવનગરથી નીકળ્યાં, શું જમ્યાં, વગેરે બધી વિગત પૂછી લીધી. ત્યારબાદ પ્રાર્થના કરીને પંચાલ ગેસ્ટ



હાઉસ ગયા. ત્યાં પહોંચીને તરત જ પૂજ્ય માએ બોલાવીને મને રૂા. ૫૦૦ આપ્યા, જેમાંથી મેં ૨૦૦ રૂા. લીધા. પૂજ્ય માએ કહ્યું-પાછા આપવાની જરૂર નથી. હું પણ તમારી મા જ છું ને ?" કેવો અદ્ભુત ભાવ !

પૂજ્ય માએ પોતાના હાથે બનાવીને હાજર રહેલ સર્વેને ભેળ ખવડાવી. ભેળની માત્રા પણ ખૂબ જ હતી. તેમનો આગ્રહ પણ એટલો કે જીવનમાં કોઇ દિવસ કોઈએ એટલો આગ્રહ નહીં કર્યો હોય. ભેળ ખાતાં ખાતાં વિચાર આવે કે પૂજ્ય મા તો પાણી વગરના ઉપવાસ કરે અને અમારે તેમની સામે બેસીને જ ખાવાનું ! એટલે ખૂબજ સંકોચ થાય પણ શું કરીએ ? માના આગ્રહ સામે કશું ચાલે જ નહીં. ઘરેથી નીકળી ત્યારે નક્કી કરેલ કે ત્યાં મા પાસે ઉપવાસ જ કરીશ. દૂધ અને ફળ લઇને રહીશ. પણ પૂ. મા પોતે તો આકરા ઉપવાસ કરે છે, પરંતુ તેમના ભક્તોને તો એકટાણું પણ નથી કરવા દેતાં, અને કહે કે બાળકો જમો. તમે ભૂખ્યા રહો તો મને ચિંતા થાય. જમ્યા પછી રાત્રે પૂજ્ય માના રૂમમાં રામ પારાયણનો પાઠ કર્યો. રાત્રે લગભગ દસવાગે પાઠ પૂરો કરી સૌ સૂઈ ગયાં.

બીજે દિવસે તા. ૨૩-૨-૮૫ને શનિવારે સવારે ૯ વાગે વિશ્રામગૃહ જવા નીકળ્યા. પૂજ્ય મા તો એટલાં ઝડપથી ચાલે કે અમે દોડીએ તો પણ તેમની સાથે થઈ શકીએ નહીં. રસ્તામાં વિચાર આવે કે આપણને દૂર બેઠાં ચિન્તા થાય કે પૂજ્ય માને સતત ઉપવાસ છે, કેટલું કષ્ટ પડતું હશે ? પણ સાન્નિધ્યમાં માની શક્તિ અને સ્ફૂર્તિ જોઇને લાગે નહીં કે માને ૩૪૦ જેટલા ઉપવાસ થયા હશે. અમોએ રામાયણનું પારાયણ કૂટિયામાં બેસી કર્યું અને ત્યાર

બાદ બધા કારીગરોને તથા અમને પૂજ્ય માએ પ્રસાદ આપ્યો. પછી અમે સૌ જમવા ગયાં. રાત્રે આઠ વાગે પૂજ્ય માએ દર્શન આપ્યાં. આ સમયે બહારથી ભક્તો દર્શનમાટે આવતા જ રહે છે. પૂજ્ય પ્રભુનું કેસેટ પ્રવચન સાંભળી, ભજન-ધૂન કરી સૌ છૂટા પડ્યા.

તારીખ ૨૪-૨-૮૫ને રવિવારે પૂજ્ય માએ બપોરે બે વાગે દર્શન આપ્યાં. આજે રજાનો દિવસ હોવાથી ભક્તો વધારે હતા. તે સર્વેના પૂજ્ય માએ ખબર-અંતર પૂછ્યા અને માએ તેઓને જમાડવાની વ્યવસ્થા કરવા કહ્યું. પછી ભજન-ધૂન થયાં અને ત્યાર બાદ માએ પૂછ્યું કે ગબ્બર જવું છે ? અમે બહેનોએ કહ્યું કે નથી જવું, કારણકે આપને આટલા ઉપવાસ છે તેથી શ્રમ પડશે. પૂજ્ય મા મારી સામે જોઇને કહે : 'મને તો આ બહેન ઉંચકી લેશે.' તેમને તો ખબર જ હતી કે મારામાં જ ચઢવાની શક્તિ ન હતી. શરીર જરા ભારે એટલે પગથિયાં ચઢવાથી છાતીમાં મુંઝારો થવા લાગે. પૂજ્ય માએ તો જીપ મંગાવી અને અમે સૌ તેમાં બેસી ગયાં, રસ્તામાં સૌને હસાવતાં જાય, જાણે કે આનંદની લહાણી કરતાં હોય તેમ લાગે. પૂજ્ય માને પગે લાગીને ગબ્બર ચઢવાનું શરૂ કર્યું. મારા માટે ચડવું અઘરૂં તો હતું જ. થોડાં પગથિયાં ચડતાં જ થાકી જવાયું. પૂજ્ય મા મારી સામું જોઇને વચ્ચે વચ્ચે બધાંને વિશ્રામ કરાવતાં રહે. ઉપર પહોંચ્યા પછી દર્શન કરીને અમે સૌ એક સ્થળે બેસી જપ કરવા લાગ્યાં, ત્યાં એક કૂતરૂં પૂજ્ય મા પાસે આવીને તેમની ચારે બાજુ ફરતું હતું, તેને ચણા આપ્યા. પણ તે પૂ. માથી દૂર જતું જ ન હતું. તે કોઇ પવિત્ર જીવ હશે, જે માના દર્શન કરીને પછી જ ગયું. ત્યાર બાદ જપ કરી પાછા જવા પ્રયાણ કર્યું. ગબ્બરના પગથિયા ઉતરતાં



ખાસ કોઇ તકલીફ પડી નહીં. પૂ. મા તો પગથિયાં ઉતરતાં નાની બાલિકાની જેમ કૂદતાં કૂદતાં ઉડતાં હોય તેવી રીતે ઊતરતાં હતાં. ગેસ્ટ હાઉસ પર આવીને માએ બધાંને પૂછ્યું કે તમોને થાક તો નથી લાગ્યો ને ? પગ દુઃખતા હોય તો કહેજો, દાબી આપીશ. આ શબ્દો સાંભળીને અમને ખૂબજ સંકોચ થયો, માને આટલા ઉપવાસ છતાં કંઇ જ કરવા નથી દેતાં. પૂ. માના પગ અમારે દાબી આપવા જોઇએ પરંતુ તેઓ તો કોઇની સેવા સ્વીકારતાં જ નથી. પૂ. માએ જીપ-નો ચાર્જ ૫ રૂા. આપી દીધો. અમારી ઇચ્છા ન હોવા છતાં તે સ્વીકારવા પડ્યા. પૂ. મા જે કંઈ મંગાવે તેનો હિસાબ તરત કરી એકેએક પૈસો આપી દે. રાત્રે અમને બધાંને ફરી ભેળ બનાવીને ખવડાવી. ભેળ બનાવતાં બનાવતાં મા કહે : તમને સૌને પ્રભુ સદ્‌બુદ્ધિ આપે. આ ભેળથી તમારાં મનનો મેલ પણ જાય." મને મનમાં થયું કે સાચે જ, અમારા દોષ અમે તો મીટાવી શકીએ તેમ નથી, માટે જ આપની પાસે પવિત્ર બનવા આવીએ છીએ. પૂ. મા પીરસે ત્યારે મા શારદામણિ જેવાં જ લાગે અને તે વખત પણ યાદ આવે કે મા શારદામણિ પણ ભક્તોને આવી રીતે જ પ્રેમથી ભોજનકરાવતાં હતાં, સંભાળ લેતાં હતાં. ભોજન કરીને રાત્રે સૌ સૂઈ ગયાં.

તારીખ ૨૫-૨-૮૫ ને સોમવારે સવારે ઉઠીને સૌ પોત-પોતાની રીતે જપ-ધ્યાન કરવા લાગી ગયા. પૂ. માએ દર-રોજની જેમ બે વાગે દર્શન આપ્યાં અને કહ્યું : ચાલો, આજે આપણે કૈલાસ ટેકરી પર જઇએ. સૌ જવા તૈયાર થઈ ગયાં. જપ, ભજન, ધૂન બોલતાં બોલતાં સૌ ત્યાં પહોંચી ગયા, થોડા જ પગથિયાં ચડવાનાં છે. ટેકરી ઉપર શંકરનું મંદિર શાંત અને સુંદર વાતાવરણમાં આવેલું છે. મંદિરમાં

પહોંચીને માએ શંકર ભગવાનની ધૂન ગવરાવી, શિવમહિમ્નનો પાઠ કરાવ્યો. પૂ. માએ પોતે ભજન ગાયાં અને અમારી પાસે પણ ગવરાવ્યાં. પછી બધાંને પ્રસાદ વહેંચ્યો. ત્યાંના બાળકોને ચોકલેટ આપી. થોડો વખત શાંત બેસીને ધૂન ગાતાં ગાતાં નીચે ઉતર્યાં. રસ્તામાં આજે પણ અમારી સાથે એક કૂતરો હતો. એ બંને વખત સાથે જ રહ્યો. પૂ. માએ તેના માટે ગાંઠીયા અને રોટલી મંગાવી અને પૈસા તરત જ આપી દીધા. ત્યાંથી અમો બધાં વિશ્રામગૃહે ગયાં અને કુટિયામાં બેસી પૂ. માએ સૌ પાસે ભજન ગવરાવ્યાં. પૂ. માએ આજે પાણી પણ લીધું ન હતું, મા અમારી સાથે બજારમાં આવ્યાં અને અમને સૌને પરાણે આગ્રહ કરીને જમવા મોકલ્યા. જમી પરવારીને અમે સૌ રાત્રે ૮-૩૦ કલાકે પૂ. મા પાસે ગયા. છૂટા પડતાં પહેલાં મેં પૂ. મા પાસે ભાવનગર જવાની રજા માંગી, ત્યાંથી નીકળવાની ઇચ્છા તો ન જ થાય પરંતુ ઘર અને છાત્રાલયની જવાબદારીને કારણે ઉચિત સમયે પરત આવવું જ પડે. પૂ. મા કહે નિરાંતે રોકાવ, મને તો એમ કે તમે ૧૫ દિવસ તો રોકાશો જ. તેમને હકીકત જણાવી એટલે રજા આપી. પૂ. માને કહ્યું : આશીર્વાદ આપો કે જલ્દી જલ્દી આપનાં દર્શને આવી શકીએ.

પૂજ્ય મા કહે : પ્રભુની કેવી કૃપા છે. પૂ. મહાત્માજી સ્થૂળ દેહે હતા ત્યારે મને દર મહિને તાવ આવતો, શરદી થઈ જતી અને તેથી અશક્તિ લાગતી, પરંતુ અત્યારે એક છીંક પણ નથી આવતી અને શક્તિ પણ ખૂબ જ છે. કોઈ વસ્તુ લેવાની ઇચ્છા જ નથી થતી. પાણી પીવાનું પણ યાદ નથી આવતું. પૂ. પ્રભુની કેવી કૃપા છે !

આટઆટલા ઉપવાસ છતાં પૂ. મા પોતાનાં કપડાં, પલંગની ચાદર વગેરે પોતે હાથે જ ધોવે છે. પોતાનો રૂમ પણ પોતે જાતે જ સાફ કરે છે. ભક્તોને દુઃખ તો ખૂબ જ થાય, પરંતુ પૂ. મા પોતાના વિચારમાં એવાં તો અડગ છે કે કોઈ કામ માગવાની હિમ્મત જ ન કરી શકે. પૂ. મા કડકાઈથી કહે : તમારે અહીં રહેવું હોય તો રહો, પણ મારી સેવા માટે જ રહો છો તેમ માનીને રહેશો નહીં. મારે મારી જાતે જ મારૂં બધું કામ કરવાનું છે. ”



પૂ. મહાત્માજી કહેતા કે પૂ. મા તો સાક્ષાત્ જગદમ્બા છે, પુણ્યશાળી આત્મા જ તેમને ઓળખી શકશે. આવી આકરી માની તપસ્યા જોઇને લાગે છે કે આ કોઈ સાધારણ માનવીનું કામ નથી. પરમ શક્તિની જ આ લીલા છે, પહેલાનાં વખતમાં મા પાર્વતીએ કહેવાય છે કે આવું આકરૂં તપ કર્યું હતું. અત્યારે પૂ. માનું આકરૂં તપ નજરે નિહાળવાનો અમુલ્ય લાભ મળે છે. પૂ. માના સાન્નિધ્યમાં પરમ શાંતિ અને આનંદનો અનુભવ થાય છે. મા ખૂબ ખૂબ પ્રેમ અને વહાલ વરસાવે છે. સૌ પર ખૂબ ખૂબ કરૂણા અને કૃપા વરસાવે છે, ત્યારે ગાયા વગર રહી શકાતું નથી કે—

ૐ મા જય મા, જય સર્વેશ્વરી મા.
મમતામયી મા, મંગલમયી મા.
કરૂણામયી મા, કૃપામયી મા.
હેતભરી મા, વહાલમયી મા.
સ્નેહમયી મા, સિદ્ધેશ્વરી મા.
દીનદયાળ મા, દાનેશ્વરી મા.
ૐ મા જય મા જય જય સર્વેશ્વરી મા.

# આત્મા અને શરીર

સંકલન : ઈશ્વરભાઈ શાહ

[ પ. પૂ. સ્વામીશ્રી સંપૂર્ણાનંદજી બાપુ યોજીત સાધના શિબિરના સત્સંગમાંથી. ]

પ્રશ્ન:–લોભ છૂટચો છે પણ કામ બાકી છે તો શું કરવું ?

જવાબ:–લોભ છૂટચો નથી. જો લોભ છૂટચો હોય તો કામ છૂટે અને ક્રોધ પણ જાય.

શરીરમાંથી પરસેવો-મળ-નખ-વાળ બધુ નીકળે છે, તેની તમને ચિંતા સતાવે છે ? જો ના. તો તે પ્રમાણે કામ, ક્રોધ, લોભ છે. કામ ૨૪ કલાક નહિ રહે. ક્રોધ ૨૪ કલાક નહિ રહે. આવશે-જશે. તેની ચિંતા શા શાટે કરો છો ? પ્રથમ તે જાણી લ્યો કે "શરીર હું નથી," તો અત્યારથી માનો કે "હું શરીર નથી."

## શરીર શું છે ?

શરીરમાં ત્રણ શરીર છે. (૧) સ્થૂળ (૨) સૂક્ષ્મ અને (૩) કારણ. (૧) જે દેખાય છે તે સ્થૂળ (૨) મન-પ્રાણ-બુદ્ધિ તે સૂક્ષ્મ (૩) કારણ શરીર એટલે શરીરના જન્મનું જે કારણ છે તે.

સ્થૂળ શરીરને પ્રાણ જતાં બાળી દેવામાં આવે છે. આ આ સ્થૂળ શરીર તે આકાશ, અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વી-નો પિંડ છે. જે બાળો, દાટો, નદીમાં નાંખો અગર કાંઈ ન કરો છતાં પાંચે ભૂતોમાં જતુ રહે છે. આ સ્થૂળ શરીરમાં પાંચ કર્મેન્દ્રિયો જે બહાર દેખાય છે. જેનાં નામ છે હાથ, પગ, વાણી, ગુદા અને ઉપસ્થ એટલે જનનેન્દ્રિય.



(૧) હવે પગ છે. પણ ચાલવું છે તો આંખ જોશે. નહિતર ભટકાઈ પડાશે. એટલે આંખ જ્ઞાનેન્દ્રિય છે જેને પગ સાથે સંબંધ છે. આંખ જ્ઞાનેન્દ્રિય અને પગ તેની કર્મેન્દ્રિય.

(૨) હવે હાથ છે. સ્પર્શ કરવો છે. એટલે ત્વચા સ્પર્શેન્દ્રિય દીધી. આ ત્વચા જ્ઞાનેન્દ્રિય છે. હાથ કર્મેન્દ્રિય છે બંનેને ગાઢો સંબંધ છે.

(૩) હવે વાણી દીધી. બોલવું છે, પણ સાંભળનાર નથી. એટલે શ્રવણ-કાન દીધા જે શ્રવણેન્દ્રિય છે જ્ઞાનેન્દ્રિય છે. આ વાણી અને કાનને ગાઢો સંબંધ છે.

(૪) ગુદા જે કર્મેન્દ્રિય છે તેની જ્ઞાનેન્દ્રિય નાક છે. સુંઘવું તે છે. આ ગુદા અને નાકને ખૂબ ગાઢો સંબંધ છે. વાપીના એક બહેનને ગુદા-નાકનું કનેકશન તૂટી ગયેલ. એટલે તેની આગળ પેંડા-રોટલી-ભાત-શાક વિગેરે મૂકો તો આ બહેનને વિષ્ટાની દુર્ગંધ આવતી. તોબા થઈ ગયેલ. ખાઈ શકે નહિ. પતિ ડોકટર પણ કંઈ કરી શકયા નહિ. આ વાત એટલા માટે કહી કે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયને ગાઢો સંબંધ છે.

(૫) ઉપસ્થને રસના ઇન્દ્રિય-જીભ સાથે ગાઢો સંબંધ છે. જીભ જ્ઞાનેન્દ્રિય છે જ્યારે ઉપસ્થ કર્મેન્દ્રિય છે. આ કારણે સ્ત્રી-પુરુષને જ્યાંસુધી જીભનો સ્વાદ છે ત્યાં સુધી કામ છે. ઋષિઓ આગળ આ પ્રશ્ન આવ્યો. તેમની સભા બોલાવી અને જાહેર કર્યું કે જીભનો સ્વભાવજ રસ-સ્વાદ છે. તો શું જીભને કાપી નાખવી ? શું કામ (sex) કાઢવા કોઈ ઉપાય જ નથી ? ભરદ્વાજ ઋષિએ જણાવ્યું કે મુર્ખાઓ, જીભને તમારી માનશો તો સ્વાદને પણ તમારો માનવો પડશે. બોલો. તમે કોઈ જીભ બનાવી શકશો ? જો ના, તો જીભ જો તમારી ન

હોય તો તેની કર્મેન્દ્રિય ઉપસ્થ પણ તમારી ક્યાં છે ? તે બંને તો પ્રકૃતિનાં કાર્ય છે. સૃષ્ટિ ચલાવવા માટે સાધન છે. તમે ક્યાં પ્રકૃતિ છો ? નકામા ભાંજગડમાં પડ્યા છો.

પછી બીજા ઋષિએ ભરદ્વાજને કહ્યું કે “ મહારાજ, આ વાત ઉંચી છે. સંસારી માટે શક્ય નથી.” તો ભરદ્વાજ કહે, “ આથી નીચી વાત મારી પાસે નથી. ” વસિષ્ઠ તમને બતાવશે બધાએ વસિષ્ઠને પૂછ્યું કે “ મહારાજ, જીભ અને ઉપસ્થનો સંબંધ તૂટે તેવો ઉપાય બતાવો. ” વસિષ્ઠ મહારાજે કહ્યું,” “ બોલો–અનાજ જમે છે કોણ ? તમે તો આત્મા છો. તમારે જમવાનો પ્રશ્ન નથી. શરીર જડ છે. તેને પ્રશ્ન નથી. પણ જમે છે પ્રાણ. તેથી જમતી વખતે પ્રાણને જમાડવાનો ભાવ કરો તો જીવ વચમાંથી કપાઈ જશે. પછી ઉપસ્થને આધાર નહિ મળે. ઉપસ્થ તો કર્મેન્દ્રિય છે. તેને તો જ્ઞાનેન્દ્રિયને આધીન કામ કરવાનું છે બધા ઋષિ કહે, “ મહારાજ, શું ભાવ કરીએ ? ” વસિષ્ઠ કહે, “ તમે કોળિયો લઈ, બોલો ૐ–પ્રાણાય–સ્વાહા–પ્રાણ જમો. બીજો કોળિયો લઇ બોલો–અપાનાય સ્વાહા પછી કોળિયો લેતા જાવ અને બોલતા જાવ– -ઉદાનાય સ્વાહા–સમાનાય સ્વાહા–વ્યાનાય સ્વાહા વગેરે. પ્રાણ–અપાન–ઉદાન–વ્યાન–સમાન આ વાયુના નામ છે. આ અભ્યાસ ૫ વર્ષ સતત થાય તો એકસોએક ટકા જીભમાં રસ–સ્વાદ રહેશે, પણ તેનો અને ઉપસ્થનો સબંધ કપાઈ જશે.

| | | | | |
|---|---|---|---|---|
| જ્ઞાનેન્દ્રિય | (૧) નાક | તેની | કર્મેન્દ્રિય | (૧) ગુદા |
| ,, | (૨) કાન | ,, | ,, | (૨) વાણી |
| ,, | (૩) જીભ | ,, | ,, | (૩) ઉપસ્થ |
| ,, | (૪) ત્વચા | ,, | ,, | (૪) હાથ-સ્પર્શ |
| ,, | (૫) આંખ | ,, | ,, | (૫) પગ |



આ સિવાય શરીરમાં મન બુદ્ધિ ચિત્ત–અહંકાર છે (૧) મનનું કામ સંકલ્પ–વિકલ્પ છે (૨) બુદ્ધિનું કાર્ય નિર્ણય લેવો તે છે (૩) ચિત્તનું કાર્ય ચિત્રો દોરવાં તે છે. (૪) અહંકારનું કાર્ય અભિમાન–ગર્વ છે. આ બધાથી જરાપણ બીશો નહિ. આ બધા તમારા નોકર છે.

શરીર એટલે (૧) મન–બુદ્ધિ–ચિત્ત–અહંકાર (૨) પાંચ જ્ઞાનેન્દ્રિય (૩) પાંચ કર્મેન્દ્રિય (૪) ત્રણ શરીરો (૫) પાંચ કોષો (૬) ત્રણ અવસ્થા. આ બધાનો સમૂહ તેનું નામ શરીર. આવા શરીરની શી જરૂર હતી ? આ પ્રશ્ન સહજ થશે. ઈશ્વરને આવું શરીર કેમ દેવું પડયું ?

યાદ રાખો. ઈશ્વર અગર આત્મા અગર તમે–આ બધાને શરીર સાથે લેવાદેવાનો પ્રશ્ન નથી. શરીર મેળવ્યું છે તમારા કર્મોએ. તમારા કર્મોનું ફળ જો ઇશ્વર–આત્મા–તમે ન દ્યો તો અન્યાયી ગણાવ. તમે રોજ ઊઠીને બૂમો પાડો છો. પુરુષાર્થ–પુરુષાર્થની. આ પુરુષાર્થે જ પ્રારબ્ધ ઘડયું છે. ઈશ્વરને લેવા-દેવા નથી. હુ કમાઉ છું-હું પત્ની, બાળકોને ખવડાવું છું, હું દાન કરી બીજાને ઉપયોગી થઈ શકું છું. આ બધી વાસનાઓ-એ શરીર દીધું છે. શરીર જે વાસના (પ્રારબ્ધ કર્મ) ભોગવવા મળ્યું છે તે કર્મો ચૂપચાપ હસતાં હસતાં ભોગવી નાખો તો બીજું શરીર નહિ મળે, તેનું નામ છે મોક્ષ, ચૂપચાપ ભોગવી લ્યો, કોઈ ઉપર દયા ખાવાની વાત છોડો. તમારા ઉપરજ દયા ખાવ.

આજ લોકો બોલે છે કે બાપુ, જગત બગડી ગયું છે શું થશે ? જગતમાં આવું અંધેર ક્યાં સુધી ચાલશે ?

અરે ભાઈ, તારી દૃષ્ટિ બગડી છે. જગત તો તેનું તેજ છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં જગત સત્ય છે. એટલે આવી રાડો પાડે

છે. કે જગત બગડયું-સુધર્યું. જ્ઞાનીની દૃષ્ટિમાં જગત અસત્ય છે. આવાને જગતની પડી નથી. જ્ઞાનીની દૃષ્ટિમાં જગત મિથ્યા છે.

**જગત છે શું ?**

જગત એટલે અનંત શરીરોની ચેષ્ટાઓ ૮૪ લાખ યોનિઓના દેહોની ચેષ્ટાઓ જે થાય છે તેનું નામ જગત છે. આમાં વનસ્પતિ, વૃક્ષો, પશુ, પક્ષી, માનવો, દેવો, યક્ષો, ગંધર્વો વગેરે આવી જાય છે. આ બધાની ચેષ્ટાઓ સવારથી રાત સુધી જે પડદા ઉપર થાય છે તે પડદાનું નામ છે જગત. હવે ચેષ્ટાઓ છે. પડદો છે. પણ પ્રકાશ ન હોય તો ચેષ્ટા-જગત નહિ દેખાય. આ જે પ્રકાશ છે તેનું નામ છે બ્રહ્મ. તેમાં જેના આધારે ચેષ્ટા થાય છે તે છે આત્માનો પ્રકાશ.

આ બ્રહ્માંડમાં સર્વત્ર પ્રકાશ છે આ જે કણુ છે તે આત્મા છે. આ બ્રહ્માંડમાં ૮૪ લાખ યોનિના દેહો ચેષ્ટા કરે છે. આ ચેષ્ટા ને દરેકનાં કર્મ છે. આ કારણે કર્મ સંબંધ સુધીજ પુત્ર-પિતા, પતિ-પત્ની વગેરે સંબંધ ટકે છે આ બધી વાત શરીરની છે, તમારી નથી. બોલો, આ શરીર તમારૂં છે ? શરીર ઉપર જો તમારો કાબુ હોય તો તમારૂં ગણાય. બોલો, બાળપણને રોકી શકયા ? યુવાનીને રોકી શકયા ? વૃદ્ધત્વને રોકી શકયા ? રોગને રોકશો ? જો ના, તો સાબીત થયું કે શરીર તમારૂં નથી, પણ કોઈના તરફથી મળ્યું છે. હવે કોઇના તરફથી મળ્યું છે, તો શરીરમાં કઈ વસ્તુ અગત્યની છે ? (૧) બળ (૨) યોગ્યતા.

**બળમાં:-**(૧) શરીરબળ (૨) સંપત્તિબળ (૩) બુદ્ધિ-બળ.

**યોગ્યતામાં:-** (૧) અભ્યાસ છે (૨) ખેડુત છે (૩) ડોકટર છે (૪) હજામ છે (૫) ધોબી છે (૬) મોચી છે (૭)



દરજી છે (૮) બ્રાહ્મણ છે (૯) ક્ષત્રિય છે વગેરે.

આ બધી યોગ્યતા ઈશ્વરે આપી છે. શા માટે આપી ? કે સમાજ વ્યવસ્થિત ચાલે.

**સમાજ શું છે ?**

ઈશ્વરનું સ્વરૂપ. ઈશ્વર પોતે એકમાંથી જુદી જુદી યોગ્યતા લઇ અનેક બન્યો છે. એકમાંથી અનેક બનવું તેને જ રામાયણમાં રામે આખી અયોધ્યાને દર્શન કરાવ્યાં, તે અર્થ છે. તમે ચમત્કાર માનો છો કે રામે ૧૦ લાખ રૂપો ધર્યાં ! આ તમારી ઇંદ્રિયદૃષ્ટિ છે. તુલસીની જ્ઞાનદૃષ્ટિ છે. જેથી તુલસીની દૃષ્ટિમાં અયોધ્યાના ભંગીથી માંડી વસિષ્ઠ સુધી રામ પોતે જ છે. જેને દેહ દૃષ્ટિ છે તે આંખની ઇંદ્રિય દૃષ્ટિમાં છે જે અજ્ઞાની છે. જે દેહને માત્ર ચિત્રો-પાંચભૂતોનું પિંડ માત્ર જુએ છે, અને તેના પ્રત્યે તેની દૃષ્ટિ જતી નથી પણ સર્વત્ર પોતે પોતાને બધામાં જુએ છે તેઓ આત્મજ્ઞાની છે.

હવે શરીરમાં જે બળ છે તે વધતું નથી, તે સાબીત કરીએ.

જ્યારે તમે શ્રમથી થાકી જાવ છો તેનો અર્થ બળ ઘટી ગયું છે. બોલો, આ બળ મેડીકલ સ્ટોરમાંથી મળશે ? ના. બળ કયાંથી મળે છે ? જ્યારે તમે ગાઢ નિદ્રામાં હોવ એટલે કે વિશ્રામમાં હો ત્યારે આ વિશ્રામ જે રામ છે તે બળ આપવા માંડે છે અને સવારે તાજા થઇ જાવ છો. બોલો બળ શરીરનું છે વિશ્રામનું, કે વિશ્રામનું ? વિશ્રામ શું છે ? ન જોવું, ન બોલવું, ન કરવું, ન કરવાની દરેક સ્થિતિ તે વિશ્રામ છે, એટલે તમને તરતજ શરીર યાદ આવશે કે બાપુ, ન કરીએ તો ખાઇશું શું ?

'ભાઇ મારા, ખાવાનું પ્રાણને છે, તું પ્રાણ નથી. શરીરને ખાવું હશે તો શરીરના કર્મો ખોરાક મેળવી લેશે.

પશુ-પક્ષી પણ ખાઈને જ શરીર ટકાવે છે, છતાં તમારી માફક બુમો પાડતા નથી. શરીરને જો નહિ ટકવું હોય તો (૧) ભલે રોજ મિષ્ટાન્ન ખવડાવો (૨) પોલીસ્ટાર કપડાં પહેરાવો (૩) મખમલમાં સુવાડો છતાં નહિ ટકે. શરીરને જો ટકવું હશે તો (૧) રોટલો-છાશથી ટકશે (૨) ઝાડ નીચે સુઈને ટકશે (૩) એક ફાટેલી પોતડીથી પણ ટકશે. કોઈ મારનાર નથી. ગોળી પણ આડી જશે. તો પછી ભીરૂ શું બની ગયા છો કે બાપુ, રોટલાનું શું થશે? આવા શબ્દો બ્રહ્માનો બેટો ન બોલે, અહમ્‌નો બેટો બોલે.

બોલો, હવે શરીર જ તમે નથી, તો લોભ, કામ, ક્રોધ ક્યાં રહ્યાં? લોભને વિશ્રામ જે રામ છે તે સતત નથી રહેવા દેતો. કામને પણ સતત નથી રહેવા દેતો. ક્રોધને પણ સતત નથી રહેવા દેતો. હા-કાયમ રહે તો મૂંઝવણ થાય. હવે જે આવે અને જાય તે મહેમાન ભારે ન પડે. જે ધામા નાખે તે મહેમાનથી મૂંઝવણ થાય. લોભ, કામ, ક્રોધ ધામા ન નાખી પડે તે માટે રામ સતત તમારી સાથે છે, તે તરત જ કાઢે છે.

હવે ભૂલ તમે તે કરી નાંખો છો કે મહેમાનને તમો તમારા માની લ્યો છો. લોભ આવશે અને જશે. ક્રોધ આવશે અને જશે. કામ આવશે-જશે. આ બધાના કર્તા તમે નથી, પ્રકૃતિ છે. પણ કર્તા તમો બનો છો જેથી ભોક્તા પણ તમારે બનવું પડે છે.

શરીરની પ્રક્રિયા જે ખોરાકમાંથી સાત ધાતુમાંથી પરિવર્તન થઈ છેલ્લું જે શુક્ર રજ બને છે. આ પ્રકૃતિની પ્રક્રિયા છે. પ્રકૃતિ તમે નથી. પ્રકૃતિને સંબંધ કર્મ, શરીર, સંસાર સાથે છે તમે કર્મ, શરીર-સંસાર નથી. શા માટે કર્તા બનો છો?



ભૂલ કર્તા બનાવની કરી, તો ભોક્તા બનવું પડશે, પ્રથમ ભૂલ "હું શરીર છું" તે કરી, કોઈ કાળે તમે શરીર નથી. તમે અને શરીર સદા જુદાં છો. શરીર સંસાર ફેકલ્ટી છે, જ્યારે તમે ઈશ્વર ફેકલ્ટીના છો બંને ફેકલ્ટી જ જુદી છે. એક જડ ફેકલ્ટી છે, જ્યારે બીજી ચેતન ફેકલ્ટી છે, તમે તમારી ફેકલ્ટીમાં રહો. જડ ફેકલ્ટી શરીર તેનું કામ કરશે. તમે પ્રથમથી ખોટી માન્યતા પકડી છે કે "હું શરીર છું." એકવાર તમે માનો છો પછી માનેલ મટતું નથી. માનેલ મટાડવા પાછી અસ્વીકૃતિ કરવી પડે છે કે હું શરીર નથી. તમે જન્મથી આજ સુધી અનેક સ્વીકૃતિઓ કરી છે. આ સ્વીકૃતિઓ તે છે તમારૂં વ્યક્તિત્વ. વ્યક્તિત્વ તે છે અહમ્. હું ઓફીસર, હુ એમ. એ. મારી પત્ની, મારો બંગલો વગેરે અનેક સ્વીકૃતિઓ કરી છે. આ અહમ્ જે સ્વીકૃતિઓનો સમૂહ છે.

બોલો, આત્માને ઇશ્વરની જરૂર છે? શરીર જડ છે તેને ઈશ્વર શું તે ખબર નથી તો ઇશ્વરની માંગ કોને છે? અહમ્‌ને. વ્યક્તિત્વને છે.

અહમ્ શું છે? તેનું સ્વરૂપ શું છે?

અહમ્ પણ એક પ્રેમનું બિંદુ છે. આ અહમ્‌ને બે વાત છે કામના અને જિજ્ઞાસા. અહમ્ જો કામના કરે છે તો સંસાર ખડો થાય છે. વળી કામથી થાકે છે તો જિજ્ઞાસા કરે છે અને હું કોણ? ઈશ્વર કોણ? જગત શું? જાણવા ઇચ્છે છે.

ઇશ્વરે શરીરમાં ઓટોમેટીક યંત્ર ગોઠવ્યાં છે. કે ભોગથી થાકે તો યોગ. પ્રવૃત્તિથી થાકે તો નિવૃત્તિ. સંયોગથી થાકે તો વિયોગ. રોગથી થાકે તો નવો જન્મ. હવે ભોગથી દરેક થાકે છે પણ યોગ ટકતો નથી.

# શ્રી રમણ મહર્ષિનાં સારવચનો

[સંકલન : એક રમણ ભક્ત

રમણ મહર્ષિની અસાધારણ યોગ્યતાની માહિતી મળવાથી અસંખ્ય જિજ્ઞાસુઓ એમનાં દર્શન, સમાગમ તેમજ માર્ગદર્શન માટે આવવા માંડ્યા. એમની શાંત સંનિધિ જ સૌને પ્રેરણા આપતી. તો પણ કેટલીકવાર એ લખીને, સંક્ષેપમાં બોલીને કે આવશ્યકતાનુસાર વિસ્તૃત વાર્તાલાપ કરીને બીજાનું પથપ્રદર્શન કરતા.

એમનાં સારવચનો કે સદુપદેશ વાકયો સહજ રીતે જ નીકળેલાં હોવાથી અખૂટ અનુભૂતિથી અલંકૃત, સરળ અને સંજીવન શક્તિથી ભરપૂર છે. એ સાર વચનો કોઈ એક જ વિશેષ ધર્મ, સંપ્રદાય કે મતનું પ્રતિનિધિત્વ નથી કરતાં. એ કોઇ એક વિશેષ દેશકાળ કે પ્રજાને માટે છે એવું પણ નથી સમજવાનું. સત્ય સર્વે દેશોમાં, ને સઘળી પ્રજાને માટે ઉપયોગી ઠરે છે. એ સર્વદેશીય, સર્વકાલીન તથા માનવમાત્રના મંગલ માટે હોય છે.

જૂની પેઢીમાંથી કોઇને પૂર્વજન્મના પુણ્યપ્રતાપે તેમનાં દર્શનનો તથા તેમના શ્રીમુખમાંથી વરસેલાં ઉપદેશનો લાભ મળ્યો હોય તો તેમનું અહોભાગ્ય. નવી પેઢી માટે તો મહર્ષિના શ્રીમુખમાંથી બોલાયેલાં સારવચનો જ મહર્ષિનું દર્શન કરવા બરાબર છે.

(૧) એને (સત્યને) જાણવું એટલે વિચારથી પર થઇ ને હૃદયમાં રહેલા એની સાથે એક બની જવું. એ અમૃતમયના સાક્ષાત્કાર અથવા અપરોક્ષ અનુભવ માટે પરમાત્માને સંપૂર્ણ



સમર્પણ કરવાની અને અહંતા તથા મમતાને તિલાંજલિ આપવાની આવશ્યક્તા છે. એ એક જ અકસીર અમોઘ સાધન છે. અહંભાવનો અંત આણીને આત્મરૂપ થઇ જવું એ જ સર્વોત્તમ સાધના પદ્ધતિ છે.

(૨) આત્માની સાથે એકતાનો અનુભવ કરનારને આત્મા નિરાકાર હોવાથી બધું જ નિરાકાર ભાસે છે. જગતનું અસ્તિત્વ કેવળ સાપેક્ષ છે; જેવું મન હોય છે તેવું જ જગત લાગે છે. જે જ્ઞાનમાં કોઇ પ્રકારનો ફેરફાર ના થાય તે જ જ્ઞાન સાચું છે. નામ ને રૂપનો આશ્રય લઇને જે ઉપાસના કરવામાં આવે છે, તે તો નામ તથા રૂપથી રહિત સત્તાની સાથેની મૂળભૂત સંપૂર્ણ એકતાની અનુભૂતિ કરવાના ઉદ્દેશથી જ કરવામાં આવે છે.

(૩) આત્માનું અપરોક્ષ જ્ઞાન જ સાચું જ્ઞાન છે, કારણ કે આત્મા સૌનું મૂળ ઉદ્ભવસ્થાન છે. જ્ઞાતા સિવાય બીજા બધાને જાણવું એ અજ્ઞાન છે.

(૪) ભૂત તથા ભવિષ્યની રચના, વર્તમાન સિવાય નથી થઇ શકતી. એટલા માટે સનાતન વર્તમાન તત્ત્વને જાણી લેવું એ સત્યને જાણવા બરાબર છે. શરીર તથા મનની સાથે સંકળાયેલા દેશ અને કાળથી અપરિવર્તનશીલ અનંત અવિનાશી આત્મા અતીત છે. આત્માનો સાક્ષાત્કાર કરી ચૂકેલા સંતને અજ્ઞાની લોકો જેની સાથે સંબંધ ધરાવે છે તે પ્રારબ્ધ ને પુરુષાર્થમાંથી મુક્તિ મળે છે. અજ્ઞાની આત્માને અહંભાવયુક્ત ને શરીર પૂરતો જ સીમિત માને છેઃ જ્ઞાની 'અહ" ને અનંત આત્મારૂપ સમજે છે.

(૫) આત્મિક સાધનાના ક્ષેત્રમાં આગળ વધ્યા પછી કામ કરતા હશો કે નહિ કરતા હો ત્યારે પણ ઊંડી પ્રસન્નતા તથા

શાંતિનો અનુભવ થયા કરશે. હાથ સમાજની વચ્ચે રહેશે પરંતુ મસ્તક કોલાહલરહિત એકાંતમાં અને શાંત હશે.

એકવાર એક સંન્યાસીએ શ્રી રમણમહર્ષિની મુલાકાત લીધી. એ સંન્યાસી એવું માનતા કે એમના ગુરુ સિવાય બીજા કોઈને આત્મ સાક્ષાત્કાર થયો જ નથી ને ના થઈ શકે. એટલે એમને ઉત્તેજના યુક્ત સ્વરે પૂછ્યું:-

'લોકો માને છે કે તમે સુબ્રહ્મણ્યમના અવતાર છો. તમારે એ સંબંધી શું કહેવાનું છે?'

મહર્ષિ મૂક રહ્યા એટલે એમણે ફરી પૂછ્યું:-

'જો એ વાત સાચી હોય તો એ બાબત મૌન શા માટે રાખી રહ્યા છો? તમે સત્યની જાહેરાત કેમ નથી કરતા?'

મહર્ષિએ એનો પણ ઉત્તર ના આપ્યો, એટલે એમણે કહ્યું:-

'અમારે જાણવું છે એટલે તમારે કહેવું જ પડશે.' મહર્ષિ કોઈ પણ પ્રકારની ઉત્તેજના સિવાય શાંતિપૂર્વક બોલ્યા'

'અવતાર તો ઇશ્વરનો આંશિક આવિર્ભાવ હોય છે. પરંતુ જ્ઞાની ઇશ્વર પોતે હોય છે.'

સંન્યાસી એ ઉત્તર સાંભળીને સાવ શાંત બની ગયા. એ શબ્દો દ્વારા મહર્ષિની પૂર્ણ પરમાત્મનિષ્ઠ અભેદભાવયુક્ત અલૌકિક અવસ્થાનો પરિચય થાય છે. એ બધીજ જાતના ભેદભાવો અને સામાન્ય અથવા અસામાન્ય આધ્યાત્મિક અહંકારોથી મુક્ત હતા અને અહર્નિશ અખંડ આત્માનુસંધાનમાં મગ્ન રહેતા. એ પોતાને અવતાર તરીકે ઓળખાવવામાં જરા પણ ગૌરવ ના લેતા. એમનું જીવન ખુલ્લી કિતાબ જેવું હતું અને એમની અસાધારણતાની પ્રતીતિ કરાવવા માટે પર્યાપ્ત થતું.

(મહાત્મા યોગેશ્વરજી કૃત ભગવાન રમણ મહર્ષિમાંથી)



# સાચુ જૈનત્વ

મુનિશ્રી વિજયચંદ વિજયજી
સંકલન : જે. વી. શાહ

જૈનત્વ બાપદાદાની પરંપરાગત માલિકીની કોઇ ચીજ નથી. જૈનત્વ એ વાણીયાઓને જ મળેલો કોઈ વારસો નથી. જૈનત્વ કેવળ જૈન કુળમાં જન્મવા માત્રથી આવી જતું નથી. જૈન એજ કહેવાય જે જીનનો અનુયાયી હોય. રાગ અને દ્વેષનો વિજેતા હોય.

રાગ અને દ્વેષની સાથે લડે તે જૈન. જીવન જીવતી વખતે જે આત્માએ આ આદર્શને સ્વીકાર્યો નથી કે પોતાના તીવ્ર રાગદ્વેષને ઓગાળી દીધા નથી, એ સાચા અર્થમાં જીનનો અનુયાયી બની શકતો નથી, અને જે જીનનો અનુયાયી નથી બનતો તેને જૈન કેમ કહેવાય?

જૈન એ કહેવાય જે સતત રાગ દ્વેષની સામે લડાઈ કરવા તૈયાર હોય, એના મનમાં હંમેશાં એમજ હોય કે મારે રાગ દ્વેષ સામે વિજય મેળવવો છે. રાગદ્વેષ મને મ્હાત કરે તે વાતમાં કંઈ માલ નથી. ભગવાન જીનેશ્વરનો અનુયાયી હું રાગદ્વેષને ઝબ્બે કરી નાંખ્યા વિના રહીશ નહિ. આ ખુમારી સાથે જે ભગવાનના શાસનના સ્ટેજ પર આવી જાય છે, કર્મ સત્તાની સામે અને અનાદિકાળની આ દુષ્વૃત્તિઓની સામે જે યુદ્ધ માંડી દે છે અને એ યુદ્ધની અંદર જે હિંમતપૂર્વક રાગ અને દ્વેષની સામે લડતો રહે છે, એની ઉપર જૈનત્વનો અભિષેક થયા વિના રહેતો નથી.

આપણા આરાધ્ય દેવે જૈન માત્રનું લક્ષ્ય એકજ આપ્યું છે અને તે છે વિતરાગતા.

સતત નજર સામે વિતરાગનું અને વિતરાગતાનું લક્ષ્ય રાખીને જીવો. સંપૂર્ણ વિતરાગતા આજે અને આજે મળે તેમ નથી પણ વિતરાગતા જ્યાં સુધી ન મળે ત્યાં સુધી કષાયો-ની શાંતિ તો થવી જ જોઇએ. રાગદ્વેષ કદાચ સંપૂર્ણ પણે ન ઓગળે પણ તે ઉપરામ તો થવાજ જોઇએ. એટલે વિતરાગતાને પામવાના લક્ષ્ય સાથે જીવન જીવતો સાધક પહેલાં પોતાનું લક્ષ્ય બાંધે છે, કે મારે મારા કષાયોને શાંત કરી નાંખવા છે. એ કષાયોને ઠારવા માટે, એ કષાયોના ઉપશમ ભાવને પામવા માટે આપણા જ્ઞાની પુરુષોએ આ સંવત્સરી પર્વનું આયોજન કરેલ છે.

ભૂલ તો કોની નથી થતી? ભૂલ તો તમારીએ થાય અને મહારીએ થાય. ભૂલ થવી એ કોઇ મોટી વાત નથી. ભૂલ થયાની કબુલાત કરવી એજ બહુ મોટી વાત છે. મારાથી જાણે અજાણ્યે થઈ ગયેલી ભૂલોની હું આજે કબુલાત કરવા તૈયાર થયો છું. મારી આગળ કોઈ કબુલાત કરવા આવ્યો છે? તો તેને પ્રેમથી ભેટવા હું તૈયાર થયો છું. આટલી જે તૈયારી કરે છે તે આ ભગવાનના શાસનની અંદર આવી ગયા વગર રહેતો નથી. પણ આ ક્ષમાધર્મની સાધના જો ન કરી તો એ શાસનમાં હોય તો પણ શાસનની બહાર ફેંકાઇ ગયા વિના રહેતો નથી. તત્ત્વ દૃષ્ટિએ ભગવાનના શાસનનું સભ્યપણું જો ટકાવવું હોય તો એની માટેની ફી આ છે. પરસ્પર ક્ષમાપના કરી લો, વેરઝેરને ઓગાળી નાંખો. હૈયામાં કોઇપણ જીવ પ્રત્યે અણગમાને સ્થાન ન આપો. એ ભગ-વાનના શાસનની ફી છે. એ ફીને ચુકવવાની તૈયારી નથી,



તો જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં તમે શાસનની બહાર મૂકાઈ ગયા વગર રહેવાના નથી; પછી ભલે તમે અભિમાનમાં રાચતા રહો કે હું ભગવાનના શાસનનો શ્રાવક છું, કે ભગવાનના શાસનમાં હું સાધુ છું. અરે! તમે માનતા રહો કે મેં આટલી આરાધના કરી છે, આટલી તપશ્ચર્યા કરૂં છું કે આટલુંશીલ પાળું છું, પણ ક્ષમા સિવાયનું દાન, શીલ કે તપની એ બધી ક્રિયાઓ હૃદયના ક્ષમારૂપ ભાવ-ધર્મની સાથે ભળેલી નહિ હોય તો તેની કોઈ ઝાઝી કિંમત નહિ અંકાય.

તમે અઠ્ઠાઇ નહિ કરો તો તમારૂ સમ્યગ્દર્શન ચાલ્યું નહિ જાય. પણ સંવત્સરીએ પણ ક્ષમાપના ન કરો તો તમારૂ સમ્યગ્દર્શન જરૂર ચાલ્યું જાય તે નક્કી છે. અઠ્ઠાઇ થાય તો કરો, ન થાય તો વાંધો નહિ–એનાથી હજુ એટલું જોખમ નથી. પણ સંવત્સરીનો પ્રસંગ પામીને પણ જો હૈયાને ઉદાર ન બનાવ્યું, ક્ષમાધર્મની આરાધના કરવા તૈયાર ન બનાવ્યું, તો ગડબડ થઈ જશે.

હૈયે ગાંઠી રાખીને કોઈ પણ કષાયોની આગને સળગતા રાખતા નહિ, જ્યાં ક્યાંય ખબર પડે કે આગ સળગી છે, ત્યાં ક્ષમાના અને પ્રેમના પાણીનો ધોધ વહાવ્યા વગર રહેતા નહિ. વહેલી તકે તે આગને ઠારી નાંખજો. સાચી સલામતી એમાં છે, ઘરની શાંતિ એમાં છે. જીવનનો વિકાસ પણ એમાં છે, ક્ષમા ધર્મજ આત્માના ઉચ્ચ શિખરે આપણને લઇ જઇ શકે છે.

તપ કરીને કષાયોની ગાંઠો રાખનારા બેસી રહે છે, અને કદાચ સવંત્સરીને દિવસે પણ ક્ષમા ધર્મની ઉચ્ચ આરાધના કરનાર તરી જાય છે, એમ જીનશાસન કહે છે.

# પ્રકાશના પંથે

સંક્ષેપ : દીપક. પ્ર. મહેતા

[ મહાત્મા યોગેશ્વરજીની આત્મકથા ]

ધરમપુરમાં પાછા ફર્યા પછી એક બીજા રવિવારે સંતપ્રેમી સદ્ધર્મપરાયણ સિંધી શેઠની લાગણીને લક્ષમાં લઇને મારે પુનઃ સોલન જવાનું થયું. ત્યારે સહજ રીતેજ માતા આનંદમયીને મળવાનો વિચાર થયો.

માતાજીના નિવાસસ્થાન પર પહોંચ્યો. મને નિહાળીને એ અસાધારણ ભાવપૂર્વક સુધાસભર સ્વરમાં સત્વર બોલી ઊઠ્યાં : 'અરે તમે ક્યાં ચાલ્યા ગયેલા ? તમે તો કહ્યા વિના જ જતા રહ્યા ! અમને ખબર પણ ના આપી ?'

મેં કહ્યું 'મને અહીં રહેવાની ઇચ્છા ના થઇ એટલે હું વિદાય થયો.'

એમનો સ્વર કાંઇક કરુણ અને સંવેદનશીલ બની ગયો. 'હા, તમે અહીં શું કામ રહો ? તમારી સેવા કરનારા તો બીજા ઘણા હશે.'

એ એમનું બીજું સ્વરૂપ હતું. એમના વિરાટ વિશદ વ્યક્તિત્વનું એક અનોખું પાસું.

અમે અંદર હોલમાં ગયાં ને બેઠાં. થોડી વાર પછી એમણે કહ્યું : 'ગુજરાતી ભજનનો ઢાળ કેવો હોય છે ? મને સાંભળવાની ઇચ્છા છે.'

મેં શાંતિપૂર્વક ગાવા માંડ્યું.

સકળ સૃષ્ટિનું બધુ લઇને બન્યું મ્હારી માનું સુખ,



પ્રેમ લઇને સકળ સૃષ્ટિનો પ્રકટ થયું એ પુષ્પ પ્રફુલ્લ,

ઉષાકમળની રક્તિમાભર્યું, અમૃતનું જાણે એ મૂળ,

સકળ સૃષ્ટિનું...

ભજનનો ભાવાર્થ મેં તેમને સમજાવ્યો. એ ભાવાર્થ તથા ભજન તેમને પસંદ પડવાથી ત્યાં બેઠેલી બેનોને તેમણે લિપિબદ્ધ કરવાની આજ્ઞા કરી.

એકવાર આનંદમયીમાના ખંડના દ્વાર બંધ હતાં. હું બહાર ઓસરીમાં બેસીને દૂર દૂર દેખાતા લીલાછમ પર્વતો જોતો હતો. ત્યાં એક પ્રૌઢ સત્સંગી સદ્ગ્રહસ્થ આપી પહોંચ્યા. તેમણે મારી સાથે અંગ્રેજીમાં અલકમલકની વાતો કરવા માંડી. મેં એમને હિંદીમાં ઉત્તરો આપવા માંડ્યા. એમને મારો આ હિંદી ભાષાનો આગ્રહ ગમ્યો નહીં.

ભોજન વખતે તે જ ભાઇ માતાજીનો પ્રસાદ પીરસવા નીકળ્યા. પ્રસાદ આપતાં આપતાં તે મારી પાસે પહોંચ્યા. મેં પ્રસાદ લેવાની ના કહી તેથી તો તેમણે ભારે ઉશ્કેરાટ જાહેર કર્યો. 'આ તો માતાજીનો પ્રસાદ છે. બધાં લે છે ને તમે નથી લેતા ? આ તો ભારે પુણ્યદાયક છે. બધાં પાપને દૂર કરી દેશે. તેની કીમત કાંઇ જેવી તેવી નથી.'

મેં કહ્યું 'તમારી વાત બરાબર છે. પણ આવી વાતમાં બળજબરી કરવાની જરૂર નથી. પ્રસાદ આપવાનો તમને અધિકાર છે. તેની ફિલસુફી સમજાવવાનો ને લાભનું વર્ણન કરવાનો પણ તમને હક છે. પણ તે લેવો કે નહીં તેનો નિર્ણય કરવાની સૌને સ્વતંત્રતા છે, એટલું તો તમે સમજી શકશો.'

મેં પ્રસાદ ના જ લીધો એટલે તેમનું મગજ ફરી ગયું.

રોજ સવારે નવ થી બાર વાગ્યા સુધી માતાજીનો સત્સંગ ચાલતો. તે દરમ્યાન હરિબાબા માતાજીના મૂળ બંગાળી જીવન-ચરિત્રને વાંચતા ને તેનું હિન્દી કરીને સમજાવતા. માતાજી પણ વચ્ચે વચ્ચે જરૂર પડતાં કોઈ વાત સમજાવતાં.

એક દિવસ મેં માતાજીને કહ્યું 'સવારે જે સત્સંગ ચાલે છે તેમાં હું બેસી શકું ખરો ?'

માતાજી જરા વિચારમાં પડી ગયાં ને પછી બોલ્યાં : તમે હરિબાબાને પૂછી જો જો. તે રજા આપે તો બેસજો.'

મને જરા નવાઇ લાગી. ઘણા બહારના માણસો પહેલેથી પરવાનગી લીધા વિના સત્સંગમાં આવતા હતા ત્યારે મારે માટે માતાજી અને હરિબાબાએ આટલું ગંભીર રૂપ કેમ આપ્યું તે મને ના સમજાયું. હરિબાબાએ થોડા વખત પછી મને સત્સંગમાં સામેલ થવાની હા પાડી. પ્રસંગ આખોયે ઘણો નાનો ને સાધારણ છે, પણ તેની છાપ હજી એવી ને એવી જ તાજી છે.

સુપ્રસિદ્ધ પ્રજ્ઞાચક્ષુ સ્વામી શ્રી શરણાનંદજીનો પરિચય પણ તે જ દિવસોમાં થયો.

દેવપ્રયાગમાં દીક્ષા તો મળી હતી, પણ તેનું ધારેલું પરિણામ જણાતું ન હતું. તે માટેનો તલસાટ તે દિવસોમાં પૂરજોશમાં ચાલતો. એ દિવસો પર દૃષ્ટિપાત કરતાં મને એ વાતનો સંતોષ થાય છે કે જીવનની ક્ષણેક્ષણને મારી સમજ પ્રમાણે હું યથાર્થ રીતે જીવ્યો છું. મારા અંતરના અવાજ પ્રમાણે જીવ્યો છું. (ક્રમશઃ)



## અધ્યાત્મના પેટ્રન

શ્રી કીર્તનકુમાર પ્રભુદાસ હળવદિયા રૂા. ૧૦૦૧.

તા. ૧૮-૩-૮૫ના રોજની એક દિવસની ધ્યાન સાધના શિબિરમાં શ્રી પ્રભુદાસભાઈ હળવદિયાએ પૂ. માશ્રી સર્વેશ્વરીને જણાવ્યું કે તેમને ત્યાં પુત્રજન્મ થયો છે. તેનું નામ આપો અને તેને અધ્યાત્મના પેટ્રન તરીકે નોંધો. કેવી ઉત્તમ ભાવના ! પૂ. માએ એનું નામ કીર્તનકુમાર રાખ્યું. આ મહિના-થી પણ નાનીવયના ચિં. કીર્તનકુમાર અધ્યાત્મના સૌથી નાના પેટ્રન બન્યા. જન્મતાંની સાથેજ કેવું સૌભાગ્ય ! પૂર્વજન્મના સત્કર્મોના સંસ્કાર સિવાય, સંતપુરુષોની કૃપા પામેલા ઘરમાં જન્મ થતો નથી.

એ નાનકડા કીર્તનકુમારને આપણે હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવીએ અને એનું જીવન એના પિતાની જેમ સત્કર્મો ને સેવાપરાયણ બને, ઈશ્વરના માર્ગે વળે ને મનુષ્યજીવન સાર્થક કરે, એવા અંતરના આશીષ.

## નવા આજીવન સભ્યો

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની પરમ કૃપા તો જુઓ ! અધ્યાત્મના આજીવન સભ્યોમાં ઉત્તરોત્તર વધારો થતોજ રહે છે. સ્થળ સંકોચને લીધે અગાઉ પ્રસિદ્ધિમાં બાકી રહેલાં નામોની યાદી નીચે પ્રમાણે છેઃ-

| | રૂા. |
|---|---|
| ૬૮૪ મુકતા ટેક્ષટાઈલ ઇન્ડસ્ટ્રીઝ, અંકલેશ્વર | ૨૫૧ |
| ૬૮૫ શ્રી રવીન્દ્રભાઈ રાણા, પાલનપુર. | ૨૫૧ |

૬૮૬ શ્રી સરયુબેન છગનલાલ દરજી, સુરત. ૨૫૧
(શ્રી સુનંદાબેન ભક્ત, સુરત તરફથી)
૬૮૭ શ્રી મુકુન્દલાલ નટવરલાલ સોરઠીઆ, સુરત. ૨૫૧
૬૮૮ સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા લાયબ્રેરી, સુરત. ૨૫૧
(શ્રી પ્રભુભાઈ મકનજી ભક્ત, સુરત તરફથી)
૬૮૯ કલાપી ફ્રી લાયબ્રેરી, લાઠી. ૨૫૧
(શ્રી અંબાલાલ એમ. મિસ્ત્રી, ઈંગ્લેન્ડ તરફથી)
૬૯૦ એન. કે. સાર્વજનિક પુસ્તકાલય ભાદરણ. ૨૫૧
(શ્રી છોટુભાઈ નાથુભાઇ પટેલ, સુરત તરફથી)
૬૯૧ શ્રી સુમનલાલ મૂળજીભાઈ શાહ, સુરત. ૨૫૧
૬૯૨ અનિલ ડાઈંગ પ્રાઈવેટ લિ. સુરત. ૨૫૧
૬૯૩ મે. બ્રાઇટ કોરપોરેશન, સુરત. ૨૫૧
૬૯૪ શ્રી. એમ. વી. કાજીવાલા, સુરત. ૨૫૧
૬૯૫ ડો. નટવરલાલ એન. કાપડિયા, સુરત. ૨૫૧
૬૯૬ શ્રી રજનીકાન્ત ન. દોશી, સુરત. ૨૫૧
૬૯૭ મેં. ક્રીષ્ણા ટાઈલ્સ એન્ડ સીમેન્ટ પ્રોડક્ટ્સ, સુરત. ૨૫૧
૬૯૮ ટી. એન્ડ ટી. વી. ટ્રસ્ટ, સુરત. ૨૫૧
(ક્રીષ્ણારામ સિલ્ક મીલ તરફથી)
૬૯૯ શ્રી જયંતીલાલ એસ. પારેખ, સુરત. ૨૫૧
૭૦૦ મે. આસમાની ટોબેકો સ્ટોર્સ, સુરત. ૨૫૧
૭૦૧ શ્રી વિનુભાઈ વેણીલાલ ગજ્જર, સુરત. ૨૫૧
૭૦૨ શ્રી બી. કે. વાજા, સુરત. ૨૫૧
૭૦૩ સુપાગામ પબ્લીક લાયબ્રેરી, સુપા. ૨૫૧
(શ્રીસુરેશભાઈ મિસ્ત્રી, કેનેડા તરફથી)
૭૦૪ શ્રી મફતલાલ એન. શાહ. વડોદરા. ૨૫૧
(શ્રી સુરેશભાઇ શાહ, કેનેડા તરફથી)
૭૦૫ એમ. ધર્મેશ ફેબ્રીક્સ, સુરત. ૨૫૧



૭૦૬ કમળાવતી આર. ગાંધી ફ્રી લાયબ્રેરી, રાજુલા. ૨૫૧
(શ્રી સુરેશભાઇ મિસ્ત્રી, કેનેડા તરફથી)
૭૦૭ ડી. એન. વાંચનાલય, કઠલાલ,
(શ્રી સુરેશભાઈ શાહ તથા શ્રી હર્ષદભાઈ તલાટી, કેનેડા તરફથી. ૨૫૧
૭૦૮ શ્રી મનહરલાલ અંબાલાલ પંચાલ, અમદાવાદ. ૨૫૧

નોંધઃ–સ્થળ સંકોચને લીધે બીજાં વધુ નામો આવતા અંકમાં મૂકીશું.

—*—

## પરદેશના નવા લાઈફમેમ્બર

પરદેશના આજીવન સભ્યોમાં એક ભાઇનો ઉમેરો થયો છે. તે ભાઇને અભિનંદન.

૮૧ શ્રી વિનોદ આર. શાહ, યુ. એસ. એ. ૧૫૦૧

—*—

## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મના પ્રેમીઓ એને સદ્દભાવ ભરી ભેટ મોકલતાજ રહે છે. છેલ્લા બે માસમાં મળેલી વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂા.
૨૨ શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલના પુત્ર-પુત્રીના જન્મદિન નિમિત્તે.
૨૫ પિનાકીન જાની તરફથી ચિ. જાગ્રતના જન્મદિને.
૫૧ શ્રી કેતનભાઇ ભોજાણી તરફથી વિના ઓપરેશને પથરી મટી જવાથી
૧૦ પાઉન્ડ શ્રી પી. એન. પટેલ લેસ્ટર તરફથી
૨૧ શ્રી ભાનુમતીબેન જોષી, પોરબંદર તરફથી ચિ. નિધિના જન્મ પ્રસંગે

૧૧ હંસરાજભાઈ એમ. પ્રજાપતિ, ધાનેરા
૧૫ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, છોટા ઉદેપુર
બઢતી મળવાથી.
૨૫ શ્રી કીર્તિબેન વિનોદભાઈ જોષી વડોદરા
૫૧ વસંતલાલ ગિરધરલાલ સોનેજી, મોરબી
ગુરુકૃપાથી નોકરી મળતાં.
૧૧ શ્રી સરસ્વતીબેન ક. દવે, મોરબી પૌત્રી પ્રીતિબેન
ભજનસ્પર્ધામાં વિજેતા બનતાં.
૫૧ શ્રી સ્મીતાબેન કમલેશભાઈ દવે પુત્રજન્મની ખુશાલીમાં.
૧૧ શ્રી કીર્તિબેન વિનોદભાઈ જોષી, વડોદરા
૧૧ શ્રી ચંદ્રકાન્ત બી ટેલર, રાંદેર
૫૧ શ્રી શાન્તિલાલ નરભેરામ જપી, મુંબઈ
પૌત્ર જન્મ નિમિત્તે
૨૧ શ્રી મંજુલાબેન હરિભાઈ ભોજાણી, મોરબી.
૨૧ કુંદનબેન મહેતા, મોરબી–બેન નીલાને પુત્ર જન્મ પ્રસંગે.
૧૫૧ શ્રી કમળાબેન નારાયણદાસ ત્રિવેદી, કુકડીઆ.
૧૫૧ શ્રી મિહિરભાઈ ગોરધનભાઈ પટેલ, કોવ, યુ. કે.
પુત્ર જન્મ નિમિત્તે હા. કે. એ. ત્રિવેદી.
૧૦ ઝેડ. ટી. દયાળ, વડોદરા.
૧૧ રજનીકાન્ત ઠાકોરલાલ કાયસ્થ, વડોદરા.
૨૭૪ શ્રી સુરેશભાઇ મિસ્ત્રી, કેનેડા.
૧૦૦ શ્રી દામિનીબેન વિનોદભાઈ શાહ.
૪૭૫ શ્રી દીપકભાઇ તથા દક્ષાબેન પરીખ, ટોરન્ટો, કેનેડા.
૨૫ પાઉન્ડ શ્રી ડી. ડી. સુથાર, ઇંગ્લેન્ડ.
૫૦ જ્યોતિબેન વિનોદભાઈ જોષી, વડોદરા.
૫૧ સરોજ મધુકર શુકલ, બેબીના જન્મ નિમિત્તે.

* ——— *



# પૂજ્ય શ્રી યોગેશ્વરજીનું પ્રગટ સાહિત્ય

| ક્રમ | ગ્રંથનામ | સાહિત્ય પ્રકાર | પ્રકાશન સંસ્થા |
|---|---|---|---|
| ૧. | અનંત સૂર | અપદ્યાગદ્ય | પ્રેરણા પ્રકાશન મુંબઈ |
| ૨. | સરળ ગીતા | પદ્યાનુવાદ | ,, ,, ,, |
| ૩. | શ્રેય અને સાધના | આત્મવૃત્તાંત | ,, ,, ,, |
| ૪. | રશ્મિ | બાળગીતો | ,, ,, ,, |
| ૫. | ગીતાદર્શન | ચિંતન | સાહિત્ય સંગમ ગોપીપુરા |
| ૬. | યોગદર્શન | ,, | સુરત |
| ૭. | બ્રહ્મસૂત્ર | ,, | ,, |
| ૮. | શ્રીમદ્ ભાગવત્ | ,, | ,, |
| ૯. | ધર્મનો મર્મ | પ્રશ્નોત્તરી | ,, |
| ૧૦. | ધર્મનો સાક્ષાત્કાર | ,, | ,, |
| ૧૧. | ચંડીપાઠ | ચિંતન | ,, |
| ૧૨. | કૃષ્ણરુકમણિ | મહાકાવ્ય | ,, |
| ૧૩. | રામાયણ દર્શન | ,, | ,, |
| ૧૪. | સત્સંગ | રેખાચિત્રો | ,, |
| ૧૫. | સંત સમાગમ | ,, | ,, |
| ૧૬. | શિવમહિમ્નસ્તોત્ર | પદ્યાનુવાદ | ,, |
| ૧૭. | પ્રકાશના પંથે | આત્મકથા | ,, |
| ૧૮. | હિમાલયના પત્રો | પત્રસાહિત્ય | ,, |
| ૧૯. | ભજનો | ભજનો | ,, |
| ૨૦. | ભારતના આધ્યાત્મિક | અંગ્રેજીમાંથી | વોરા એન્ડ કંપની |
| | રહસ્યોની ખોજમાં | અનુવાદ | ૩–રાઉન્ડ બિલ્ડિગ |
| ૨૧. | ઉપનિષદ્દનું અમૃત | ચિંતન | કાલબાદેવી રોડ, મુંબઇ–૨ |
| ૨૨. | સાધના | , | ,, |

| | | |
|---|---|---|
| ૨૩. ગીતા તત્ત્વ વિચાર | ,, | વોરા એન્ડ કું. |
| ૨૪. હિમગિરિમાં યોગી | અંગ્રેજીનો અનુવાદ | કાલબાદેવી ,, |
| ૨૫. આરાધના | ચિંતન | ,, |
| ૨૬. દ્યુતિ | કાવ્યો | ,, |
| ૨૭. ભગવાન રમણ મહર્ષિ જીવન અને કાર્ય | ચરિત્રગ્રંથ | આર. આર. શેઠની કું. પ્રીન્સેસ સ્ટ્રીટ-મુંબઇ-૨ |
| ૨૮. ઉત્તર પથ-૧ | નવલકથા | ,, |
| ૨૯. પ્રીતપુરાની | ,, | ,, |
| ૩૦. રસેશ્વરી | ,, | લોકપ્રિય પ્રકાશન |
| ૩૧. ઉત્તર પથ-૨ | ,, | C/o આર. આર. શેઠની કું. |
| ૩૨. આગ | ,, | પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨ |
| ૩૩. અગ્નિ પરીક્ષા | | ,, |
| ૩૪. કાદવ અને કમળ | ,, | ,, |
| ૩૫. પરીક્ષિત | ,, | ,, |
| ૩૬. રક્ષા | ,, | ગુજરાત રાજ્ય પુસ્તકાલય |
| ૩૭. કાયાકલ્પ | ,, | મંડળ રાવપુરા-વડોદરા-૧ |
| ૩૮. રોશની | ,, | ,, |
| ૩૯. ગીતાસંદેશ | ચિંતન | ,, |
| ૪૦. ગોપીપ્રેમ | ,, | ,, |
| ૪૧. ઇશાવાસ્ય ઉપનિષદ્ | ,, | ,, |
| ૪૨. સંતસૌરભ | રેખાચિત્રો | ,, |
| ૪૩. યોગમીમાંસા | ચિંતન | ,, |
| ૪૪. રામકથામૃત | ,, | ,, |
| ૪૫. પ્રાર્થના સાધના છે | ,, | ,, |
| ૪૬. રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં | અનુવાદ | ,, |



| | | |
|---|---|---|
| ૪૭. યોગાનુયોગ | નવલકથા | રૂપમ્ પ્રકાશન- |
| ૪૮. પરાભવની પ્રીત | ,, | દાદીશેઠ અગિયારી લેન |
| ૪૯. પ્રેમ અને વાસના | ,, | મુંબઈ-૨ |
| ૫૦. પરબના પાણી | ,, | ,, |
| ૫૧. જીવન વિકાસનાં સોપાન ભા-૧ | ચિંતન | ,, |
| ૫૨. ,, ભાગ-૨ | ,, | ,, |
| ૫૩. પ્રેમ ભક્તિની પગદંડી | | હંસાપ્રકાશન-દરીયામહલ |
| ૫૪ પરિમલ | ,, | સુરત- |
| ૫૫. અક્ષત | ,, | ,, |
| ૫૬. સમર્પણ ભાગ-૧ | નવલકથા | ,, |
| ૫૭. સમર્પણ ભાગ-૨ | ,, | ,, |
| ૫૮. ગાંધી ગૌરવ | કાવ્યગ્રંથ | નવજીવન પ્રકાશન- અમદાવાદ-૧૪ |
| ૫૯. Tunes unto the Infinite Part-1 | ચિંતન ,, | ભારતીય વિદ્યાભવન ચોપાટી મુંબઇ-નં. ૭ ,, |
| ૬૦ ,, Part-11 | | |
| ૬૧. ધૂપ સુગંધ | ,, | કિસ્મત પ્રકાશન-મુંબઈ |
| ૬૨. સ્મૃતિ | ,, | સ્મૃતિ સાહિત્ય મંદિર- મુંબઇ |
| ૬૩. અધ્યાત્મનો અર્ક | ,, | દિવ્ય જીવન સંઘ વડોદરા |
| ૬૪. ભગવદ્ગીતા | | |
| ૬૫. ફૂલવાડી | | નવયુગ પુસ્તક ભંડાર રાજકોટ |
| ૬૬. હિમાલય અમારો | દેશભક્તિનાં | સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ |
| ૬૭. સનાતન સંગીત | ગીતો | રાજકોટ |

| | | |
|---|---|---|
| ૬૮. ગીતા કા સંગીત | ચિંતન | જ્યોતિ પ્રકાશન–મસુરી |
| ૬૯. પરિમલ | ,, | ગોરખપુર |
| ૭૦. શ્રેય ઔર સાધના | હિન્દી ,, | કાનપુર |
| ૭૧. કળીમાંથી ફૂલ | પ્રસંગલેખન | સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૭૨. તીર્થયાત્રા | પ્રવાસવર્ણન | C/o શ્રી બાબુભાઈ વોરા |
| ૭૩. સરળગીતા | પદ્યાનુવાદ | ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ |
| ૭૪. આરતી | ભજનો | સોસાયટી, નવરાગપુરા |
| ૭૫. સાંઈસંગીત | ભજનો | અમદાવાદ–૯ |
| ૭૬. વિષ્ણુસહસ્રનામ | પદ્યાનુવાદ | ,, |
| ૭૭. અભીપ્સા | ભજનો | ,, |
| ૭૮. બિન્દુ | બાળગીતો | ,, |
| ૭૯. દિવ્ય અનુભૂતિઓ | અનુભૂતિઓ | ,, |
| ૮૦. અમરજીવન | ચિંતન | ,, |
| ૮૧. પ્રસાદ | ભજનો | ,, |
| ૮૨. સર્વમંગલ | ચિંતન | ,, |
| ૮૩. રામચરિત માનસ | પદ્યાનુવાદ | કુમકુમ પ્રકાશન, મામુનાયક |
| ૮૪. શિવપાર્વતી પ્રસંગ | ,, | ની પોળ, અમદાવાદ–૧ |
| ૮૫. તર્પણ | કાવ્યો | કુમકુમ પ્રકાશન–અમદાવાદ |



# યોગનિદ્રા

મંગળભાઇ પંચાલ

યોગનિદ્રાની બાબતને વિશાળતા સાથે સંબંધ છે. જ્યાં સુધી આપણી દૃષ્ટિ કુશાગ્ર અને વિશાળ નહિ થાય ત્યાં સુધી આપણી પ્રગતિ ઘાંચીના બળદ જેટલી જ છે એમ સમજવાનું છે. “એકસપાનસન ઓફ માઈન્ડ એન્ડ લીબરેશન ઓફ એનર્જી” આ સિદ્ધાંતને આપણે અત્યારથી જ અમલમાં મૂકવો પડશે તો જ વિશાળતામાં કેટલો ઉચ્ચ આનંદ રહેલો છે તે સમજાશે.

હવે આગળ–પદાર્થવિજ્ઞાન માને છે કે આપણને નરી આંખે દેખાતું અને પ્રત્યક્ષ અનુભવમાં આવતું આ જગત એ બીજું કંઇ જ નહિ પરંતુ જુદી જુદી લંબાઇ અને કંપન–આંદોલનો ધરાવતાં વિદ્યુત ચુંબકીય તરંગોની જ રમત છે. અંગ્રેજીમાં આ તરંગોને “ઇલેકટ્રો મેગ્નેટીક રેડીયેશન્સ” એ નામે ઓળખાવવામાં આવે છે. આ બધા તરંગોની જુદી જુદી ફ્રીકવન્સી હોય છે. ❊ ❊

આપણી આ બધીય ઇન્દ્રિયોને પોતપોતાની મર્યાદા હોય છે. અને મર્યાદામાં રહીને જ તેઓ કાર્ય કરી શકે છે. મર્યાદાની બહાર જતાં જ આ દશ્ય જગતનો લોપ થઈ જાય છે એ હવે વિજ્ઞાને પણ સિદ્ધ કર્યું છે. આવી મર્યાદાવાળી ઇન્દ્રિયોદ્વારા આપણે જે કંઈ જોઇએ, અનુભવીએ તે મર્યાદાવાળું જ હોય એમાં કોઇ શંકા ખરી? હવે મન આ ઇન્દ્રિયો સાથે જોડાયેલું છે અને તેથી ઇંદ્રિયોદ્વારા મનને જે કંઈ મળે તે કેવું અને કેટલું હોય? સમર્થ સ્વામી રામદાસ રામાયણની કથા કરતા હતા. અશોક વનની વાત આવી

ત્યારે તેમણે કહ્યું "મારૂતિ અશોક વનમાં ગયો. ત્યાં તેણે ધોળાં ફૂલ જોયાં." મારૂતિ આ કથા અદશ્ય રૂપે સાંભળતા હતા તેમણે તરત જ છતા થઇને કહ્યું "સમર્થ, મે જોયાં તે ફૂલ લાલ હતાં, ધોળાં નહિ." સમર્થે હસતાં હસતાં કહ્યું કે "ફૂલો તો સફેદ જ હતાં પરંતુ આંખો ગુસ્સાથી લાલચોળ થયેલી હતી એટલે તમને તે લાલ દેખાયાં હશે" —આ મીઠી વાતનો સાર એટલો જ કે ઇન્દ્રિયો દ્વારા મળેલા જ્ઞાન ઉપર જરાય ભરોસો રાખી શકાય નહિ. ત્યારે કરવું શું?

ઇન્દ્રિયોનો કિલ્લો તોડી પાડવો. અમારા અહિંના ધ્યાન કેન્દ્રોમાં અત્યારે આ જ સત્ર ઉપર ચર્ચા ચાલે છે. ઇન્દ્રિય જયની. "ગૃહણ સ્વરૂપા સ્મિતા-વયાર્થત્વ સંયમાત્ ઇન્દ્રિય જય : ! ૩-૪૭ ! પહેલાં આપણે જે માપતાલ જોઇ ગયા તેની બહારના તરંગો તથા આંદોલનોની સૃષ્ટિ સુધી હજી પદાર્થ વિજ્ઞાન પહોંચી શક્યું નથી. જો આ કંપન-તરંગોને કોઇ રીતે પકડી શકાય, તો આપણને કોઇ જુદી જ સૃષ્ટિનો અનુભવ થઇ શકે. સ્વામી વિવેકાનંદે અમેરીકામાં તેમનાં વ્યાખ્યાનોમાં આજ વાત ભારપૂર્વક જણાવી હતી કે ઇન્દ્રિયો-ની શક્તિ મર્યાદિત છે. આપણે જયારે ઇન્દ્રિયાતીત થઇ શકીએ ત્યારે જ આપણને નિર્મળ સત્યનો અનુભવ થઇ શકે. ત્યારે પ્રભુને પામવા માટે આ સિવાય બીજો કોઇ માર્ગ છે જ નહિ. સરદાર વલ્લભભાઇએ રાસના ભાષણમાં બુલંદ સ્વરે જણાવ્યું હતું કે "બીજો કોઇ માર્ગ જ નથી. આઝાદ થવું છે. ગુલામીની બેડી હવે ઘડી પણ ન ખપે, આજ પ્રતિજ્ઞા આપણે લઇને કહીએ કે આઝાદ થવું છે. (ઇન્દ્રિયોની) બેડી તોડવી છે."

યોગમાર્ગનાં જ આઠ પગથિયાં છે તેમાંનું પાંચમું પગથિયું પ્રત્યાહાર છે. પાતંજલ દર્શનમાં પ્રત્યાહારની વ્યાખ્યા આમ



કરી છે. સ્વ વિષયાસંપ્રયોગ ચિત્તસ્ય સ્વરૂપાનુકાર ઇવેન્દ્રિ-યાણામ્ પ્રત્યાહાર ! ૨-૫૪ ! એટલે કે ઇન્દ્રિયોનો પોતપોતાના વિષયો સાથેનો સંબંધ છુટી જવાથી તેઓનું સ્વતંત્ર અસ્તિત્વ રહી શકતું નથી. આવે સમયે જે સત્સંકલ્પ કરવામાં આવે છે અને તેનાથી જેવી વૃત્તિ રચાય છે તેવા સ્વરૂપનું ઇન્દ્રિયો અનુકરણ કરે છે. આમ જોઇએ તે આ પ્રકારે ઇન્દ્રિયો ઇન્દ્રિયો મટી જાય છે. મન સાથે ભળી જાય છે. અને આમ અજેય ગણાતો ઇન્દ્રિયોનો કિલ્લો કડડભૂસ કરતો તૂટી પડે છે આમ પ્રત્યાહાર ઇન્દ્રિયોના કિલ્લાને તોડવાનું કદી નિષ્ફળ ન જાય તેવું હથિયાર છે. યોગનિદ્રા આપણને પ્રત્યાહાર જ શીખવે છે. શરીરભાન ભૂલવું અને ચેતનના સ્તરે જાગૃત રહેવું એ યોગનિદ્રા દ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિ છે.

આપણે જાણીએ છીએ કે મનની ગતિ પ્રચંડ છે. પ્રકાશ-ની ગતિ તેની આગળ કોઇ વિસાતમાં નથી. ઇશાવાસ્યના ચોથા મંત્રમાં "અનેજદેકં મનસો જવિયો-કહીને મનની ગતિ દર્શાવે છે. ત્રણે કાળ-ભૂત, ભવિષ્ય અને વર્તમાન, દશે દિશાઓ, અંદર-બહારની સૃષ્ટિ, અસૃષ્ટિ અને પ્રતિસૃષ્ટિ-એવડી વિશાળ તેની પહોંચ છે. આ તેની દોડને કોઇ ડર નથી.

હવે આપણા પ્રશ્નને વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોઇએ. દાણચોરો-નો એક ભાર ખટારો હાઇવે ઉપરથી પુર ઝડપે જઈ રહ્યો છે. હાઇવે પોલીસને શંકા જતાં તેનો પીછો પકડે છે. જીપ મારી મૂકે છે. મીટર જીપની ગતિ દર્શાવે છે, સાથે સાથે ખટારાની પણ. ખટારો જે સ્પીડથી દોડે છે તેથી વધારે સ્પીડ જીપની કરવામાં આવે તો જ ખટારો પકડાય. આમ જેની સ્પીડ વધારે તે બીજાં ઓછાં ગતિવાળાં વાહનોને પકડી શકે. મન-

ની ગતિ પ્રચડ હોવાથી અવકાશી તારા, ગ્રહો, સૂર્યો, અંદર-બહારની સૃષ્ટિ એ સર્વને પકડી શકે છે, એ વાત હવે સમજાઈ જવી જોઈએ. પાતંજલ દર્શનનું આખુ વિભૂતિ પાદ આના ઉપર જ ઉભું રહેલું છે. સંયમ એ હથિયાર છે અને પ્રત્યાહાર એ સંયમને પ્રાપ્ત કરવાની કુંચી છે. યોગનિદ્રા આપણને આ કુંચી કેવી રીતે પ્રાપ્ત કરવી તે શીખવે છે.

આ અંત્યત સરળ પરંતુ ચમત્કારિક ક્રિયાનો ગુજરાતના ગામડે ગામડે પ્રચાર અને પ્રસાર થાય એવું હું જરૂર ઈચ્છું. એટલા માટે કે આ દેખીતી સરળ પ્રક્રિયા નિયમિત કરવાથી આપણા તન-મનની શુદ્ધિ થતી જ રહે છે, પરિણામે આપણે સારૂ આરોગ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ, આપણા મનમાં પણ ધીમે ધીમે સુધારો થઇ તેને વિશાળ ફલકમાં લાવી શકીએ છીએ અને એમ ઉત્તરોત્તર આપણો વિકાસ થતો જ રહે છે. પ્રભુ આ સત્કાર્યમાં જરૂર સહાય થશે જ એવી શ્રદ્ધા સહિત.

[૧૯૮૫ના માર્ચની ૧૮મી તારીખે પૂ. મહાત્માજીની પ્રથમ પૂણ્યતિથિ અંગે યોજાયેલી ધ્યાનશિબિરમાં યોગનિદ્રાની પૂર્વ ભૂમિકા સમજાવતાં અપાયેલ વ્યાખ્યાનમાંથી સારભાગ]

***


શ્રી યોગેશ્વર કૃપા.

સંદિપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે-સુરત.




# રામકથા

(ગતાંકથી ચાલુ)

[યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા]

શતાનંદની આંખમાં હરખનાં આંસુ આવી ગયાં. એ બોલ્યા : ચારેના જન્મની કથા ખરેખર અલૌકિક છે. આ કથા સાંભળીને મને ખૂબજ આનંદ થયો. એમના જન્મની કથાની જેમ એમના લગ્નની કથા પણ એટલીજ અલૌકિક અને આનંદદાયક છે ને ! 'એમનું તો બધુંજ અલૌકિક અને આનંદમય છે.' દશરથ બોલી ઊઠ્યા : 'જીવન આંખુયે અલૌકિક અને આનંદમય છે, અને એવું રહેશે.'

અયોધ્યાના નવા, અવનવા વાતાવરણમાં રામ અને લક્ષ્મણ સાથે સીતા તથા ઉર્મિલાનાં આરંભનાં વરસો સુખદ સ્વપ્નની પેઠે ઝડપથી વીતી ગયાં. સીતા તથા ઉર્મિલાને મિથિલા કરતાં પણ અયોધ્યામાં વધારે સુખ લાગવા માંડયું. પરંતુ વિધિને એ સુખ માન્ય ના હોય એમ એક દિવસ એક જુદો જ બનાવ બની ગયો. ચારે પુત્રોના લગ્ન પ્રસંગ પછી રાજા દશરથના ઉલ્લાસનો પાર ન રહ્યો. એ પણ પાણીના રેલાની પેઠે રસપૂર્વક તથા સરળતાથી ચાલવા માંડયું. એવામાં એક દિવસ પોતાની વધતી જતી પાકી ચૂકેલી અવસ્થાનો વિચાર કરીને રામનો રાજ્યાભિષેક કરવાની ભાવનાથી પ્રેરાઈને એમણે મહર્ષિ વસિષ્ઠની સલાહ લીધી.

મહર્ષિ વસિષ્ઠ એમની ભાવના જોઈને ખૂબજ પ્રસન્ન થયા ને બોલ્યા : 'તમારો વિચાર ઘણો ઉત્તમ છે. મને પોતાને એ વિચાર ખૂબજ પસંદ પડ્યો. રામનું જીવન સર્વપ્રકારે મંગલમય અને આદર્શ હોવાથી એમનો રાજ્યાભિષેક થાય એ બધી રીતે ઉચિત છે. તમારી ભાવના સાથે હું સંપૂર્ણપણે સહમત છું.

દશરથે કહ્યું : ઉત્તરાવસ્થામાં હવે આત્મોન્નતિ તથા આત્માની શાંતિમાટે સાધના કરવાની ઈચ્છા સારા પ્રમાણમાં પેદા થઈ છે. એ ઈચ્છા દિન પ્રતિદિન વધતી જ જાય છે. એટલે મારા સંકલ્પને બનતી વહેલી તકે સિદ્ધ કરવા માટે હું ઉત્સુક છું.' 'જીવનની અંતિમ અવસ્થામાં સંસારના સ્થૂલ વિષયો અને ભોગોમાંથી મનને નિવૃત કરીને માણસે પરમાત્મપરાયણ બનવું જોઈએ ને તપશ્ચર્યામાં રસ લેવો જોઈએ. શાસ્ત્રો તથા પ્રાતઃસ્મરણીય સત્પુરુષોનો એવો આદેશ છે. એ આદેશનો અમલ કરવાનો વખત તમારા જીવનમાં આવી પહોંચ્યો છે. એ દૃષ્ટિએ વિચારતાં તમારો વિચાર અથવા સંકલ્પ મને ઘણો ગમી ગયો છે.'

'હવે લૌકિક રીતે જોતાં મારા બધાંજ કામો લગભગ પૂરાં થયાં છે. મારા કર્તવ્યોના અનુષ્ઠાનમાં મેં કદીપણ પ્રમાદ નથી કર્યો. એ કર્તવ્યોને મેં સારી રીતે બજાવ્યા છે. રામના રાજ્યાભિષેકનું જે કર્તવ્ય શેષ છે તેને પણ પુરું કરી લઉં પછી મને નિરાંત વળે. મારા જીવનનું આત્મોન્નતિનું એકજ કર્તવ્ય પછી શેષ રહે. કાળ ઝડપથી પસાર થતો જાય છે અને જીવનનો કશો ભરોસો નથી એટલે મારા ઈપ્સિત મનોરથની પૂર્તિ જેટલી બને તેટલી વહેલી કરવા માટે મારું અંતર ઉત્સુક બની રહ્યું છે. માટે મારી વિનંતિ છે કે રામના રાજ્યાભિષેકની તૈયારી જેટલી બને તેટલી વહેલી કરીએ.

મહર્ષિ વસિષ્ઠે રામના રાજ્યાભિષેકનો દિવસ નક્કી કર્યો.

રાજા દશરથને એથી સંતોષ થયો. એ પછીના દિવસો રાજ્યાભિષેકની તૈયારીમાં વીતી ગયા. મહર્ષિ વસિષ્ઠે જુદી જુદી નદીઓનું પવિત્ર પાણી મંગાવ્યું ને બીજી આવશ્યક સામગ્રી એકઠી કરવાનો આદેશ આપ્યો. રામના રાજ્યાભિષેકના સમાચાર સાંભળીને પ્રજામાં અવર્ણનીય ઉત્સાહની લહરી ફરી વળી. એ સમાચાર સૌને સુખદ લાગ્યા. સમસ્ત પ્રજા રાજ્યાભિષેકના એ



આનંદમય અવસરની પ્રતિક્ષા ભારે પ્રેમપૂર્વક કરવા લાગી.

ભરત તથા શત્રુઘ્ન તો પોતાના મોસાળમાં ગયા હતા, પરંતુ લક્ષ્મણે રાજ્યાભિષેકના એ સમાચાર સાંભળીને રામને અભિનંદન આપતાં કહ્યું: આ સમાચાર સાંભળ્યા છે, ત્યારથી મને અપાર આનંદ થઇ રહ્યો છે. તમારો રાજ્યાભિષેક જાણે મારોજ રાજ્યાભિષેક હોય એવો ઉમંગ મારા અંગે અંગમાં છવાઇ ગયો છે. પિતાજીનો નિર્ણય સમયસરનો ને બધી રીતે ઉત્તમ છે. પ્રજાનું અંતર તો જાણે હિલોળે ચઢ્યું છે. અને તમારા પર એટલો બધો પ્રેમ છે કે વાત નહિ. તમારા રાજ્યાભિષેકના સમાચાર સાંભળીને એ ગાંડી ઘેલી બની ગઇ છે. લક્ષ્મણની વાત સાંભળીને રામ એવાજ અચળ રહ્યા ને બોલ્યા પ્રજાનો ઉલ્લાસ એનો મારા પ્રત્યેનો પ્રેમ બતાવે છે એ જોઇને મને આનંદ થાય છે ને મારું હૃદય કૃતજ્ઞ બની જાય છે. પરંતુ મારા રાજ્યાભિષેકના સમાચારથી મને એટલો બધો આનંદ નથી થતો.

'કારણ ?'

'એમાં આનંદ પામવા જેવું છે જ શુ ?'

'કેમ નથી ?'

'રાજ્યાભિષેકતો એ સર્વ સામાન્ય, પરંપરાગત ને સાધારણ વસ્તુ છે. પિતાદ્વારા પુત્રનો રાજ્યાભિષેક તો વંશપરંપરાથી ચાલ્યા જ કરે છે. એમાં એટલો બધો ઉલ્લાસ માનવાનું કારણ મને નથી દેખાતું. ઉલ્લાસ તો જીવનના સાફલ્યનો હોય. જીવનના કલ્યાણનો હોય રાજ્યાભિષેકમાં મને જીવનનું શ્રેય કે સાફલ્ય નથી દેખાતું. જીવનનું સાફલ્ય તો સત્કર્મોના અનુષ્ઠાનમાં ને પરમાત્માના સાક્ષાત્કારમાં છે. રાજ્યાભિષેકતો એક લૌકિક અને ઔપચારિક ક્રિયા છે.'

'છતાં પણ એનું મહત્વ તો છે જ ને ? એના મહત્વનો ઈન્કાર થોડોજ કરી શકાય છે.' (ક્રમશઃ)

## ❋ આવો અવસર ફેર ન આવે ❋

આવો અવસર ફેર ન આવે.
માનવજીવન મોંઘું પામી, ફોગટ કેમ ગુમાવે.
આવો...

ઊઠ તજીને આળસ, પ્રભુની પ્રીત કરી લે ભાવે,
સાગર સુખનો બની જશે તું, ગુણ જો પ્રભુના ગાવે.
આવો...

માન્યું મંદિર મુક્તિતણું આ, જે તેથી પ્રભુ ધ્યાવે,
તેનાં બંધન તૂટે સઘળાં, શાંતિ સનાતન પાવે.
આવો...

પ્રેમતણા મધુરસમાં પાગલ ન્હાયે ને ન્હવરાવે,
ભજી રહ્યો હું તમેય પ્રભુજી, ભજી લો મન ભાવે.
આવો...

—યોગેશ્વરજી

## વિશ્રામગૃહ માટેની સાધનસામગ્રીની સહાય

અમદાવાદ ખાતેની એક દિવસની ધ્યાન સાધના શિબિરમાં જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટે વિવિધ જરૂરી સાધન સામગ્રી માટેની રકમની વિગતોની શ્રી ચંપકભાઇ શાહે જાહેરાત કરી.

પંખા માટે રૂ. ૫૦૦ની સહાય સ્વીકારવાની હતી તો પંખાની સહાયનાં વચનો મળી ગયાં.

તેજ પ્રમાણે બીજી વસ્તુઓ માટે પણ વચનો મળતાં ગયાં. તે વખતે પૂ.શ્રીના અનન્ય ભક્ત રાજકોટના શ્રી શાન્તિભાઇ કનેરિયાએ **રૂા. દસ હજાર** અને વડોદરાના પરમ શ્રધ્ધેય શ્રી જશભાઈ પટેલે **રૂા. પંદર હજાર**ના દાનોની જાહેરાત કરી દીધી એઓ બન્ને ખરેખર અભિનંદનના અધિકારી છે.

આ સિવાય બીજા નાનાં મોટાં દાનોની જાહેરાતો પણ થઇ તેની વિગત યાદીમાં છે. પૂ. માશ્રી સર્વેશ્વરીનાં વચનોમાં વિશ્વાસ મૂકી નાની મોટી સહાય આપનાર સહુનું અમે અભિવાદન કરીએ છીએ.

આ સંદર્ભમાં પૂ. માએ જણાવ્યું કે વિશ્રામગૃહમાં કેવળ ધનિકોજ સહાય આપી શકે એવું નથી. સહુ કોઇ પોતાની શક્તિ પ્રમાણે નાની મોટી રકમ સાધન સામગ્રી માટે આપી શકે છે. સેતુબંધની રચનામાં ખીસકોલીએ આપેલા ફાળાને યાદ કરાવી, પૂ.માએ કહ્યું રૂ. પાંચથી માંડી રૂ. પાંચસો સુધીની મદદ આપી શકાય.

—તંત્રી

## અભિનંદન

રાજકોટના શ્રી અજય કલોલાએ પાંચ જેટલા અને અમદાવાદના શ્રી ઈશ્વરભાઇ છાટબારે ત્રણ જેટલા અધ્યાત્મના નવા લાઈફ મેમ્બર નોંધી આપ્યા. બન્ને ભાઈઓને તેમજ આજીવન સભ્યોને અભિનંદન. શિબિરમાં કુલ દસ આજીવન સભ્યો ને એક પેટ્રન નોંધાયા.

ADHYATM Regd.-No. GBV 113

# જન્મ અને કુદરતની લીલા

ગરીબોના શોષણ દ્વારા ધનવાન બનેલા કોઇક ધનિકને ત્યાં જન્મવા કરતાં પ્રામાણિકતા ને પવિત્રતાથી જીવનાર એક ગરીબ ઘરમાં જન્મવામાં હું ઈશ્વરની કૃપા માનું છું. બાકી તો જન્મ ને મરણ ઈશ્વરને આધીન છે. કુદરતના કયા કાનૂનો કે કર્મના કયા નિયમો તેની પાછળ કામ કરે છે તે કોણ કહી શકે ? સાધારણ માણસને તેની સમજ પણ શું પડે ? કોઇ અસાધારણ અનુભવી પુરુષજ તેના રહસ્યનો ઉકેલ કરવા કરાવવામાં સફળ થઇ શકે. એટલું સાચું છે કે સંસારનું કોઇ એ કર્મ અવ્યવસ્થિત કે આકસ્મિક નથી. જે આકસ્મિક લાગે છે તેની પાછળ પણ કર્મની પ્રામાણિક ને ચોક્કસ વ્યવસ્થા કામ કરતી હોય છે. માણસ તેને જાણી શકતો નથી એટલું જ.

* * *

કુદરતની લીલા અજબ છે. કોઇ તેનો પાર પામી શક્યું નથી. ભલભલા જ્ઞાની ને વિજ્ઞાની પણ તેમાં પાછા પડ્યા છે. પોતાના નક્કી નિયમો પ્રમાણે કુદરત પોતાનું કામ કર્યે જ જાય છે. તેના પ્રભાવમાંથી કોઈ એ માનવપ્રાણી છૂટી શકતું નથી. જે ઈશ્વરનું શરણ લે છે અથવા તો પરમાત્માની સાથે અનુસંધાન સાધી લે છે તે જ તેના પ્રભાવથી મુક્તિ મેળવી તેના તેના રહસ્યનો પાર પામી શકે છે.

શ્રી યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફોકના ડેલામાં, હોખંડ બજાર, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧